RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 109* Date: 07.02.2023, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

વિનાશક ભૂકંપમાં તુર્કીમાં ૧૯૫ મોત

સીરિયામાં ૪૨ મોત, સેંકડો ઈમારતો જમીનદોસ્ત થઈ

ગાજિયનટેપ,તા.૬

દક્ષિણ તુર્કીમાં ૭.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. મળતી માહિતી મુજબ, તુર્કીના દક્ષિણમાં ગાજિયનટેપમાં સૌથી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ન્યૂઝ એજન્સી એએફપી અનુસાર, આ વિનાશક ભૂકંપને કારણે અત્યાર સુધીમાં તુર્કીમાં ૫૩ અને સીરિયામાં ૪૨ લોકોના મોત થયા છે. તુર્કીમાં સાઉદી અરબ દૂતાવાસ દ્વારા કહેવામાં આવ્યું છે કે તેમના સાત નાગરિકોના મોત થયા છે. અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોત થયા છે. ઓછામાં ઓછી ૧૫૦ ઇમારતો પણ ધરાશાયી થઇ છે. જાન-માલનું ભારે નુકસાન થયું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. જ્યારે ૭ થી ૭.૯ રિક્ટર સ્કેલ પર ભૂકંપ આવે છે. ત્યારે ઇમારતો ધરાશાયી થાય છે. જમીનની અંદર પાઈપો ફૂટી. સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. જેમાં તબાહીનું દ્રશ્ય જોવા મળે છે. જમીન પર મોટી ઈમારતો દેખાય છે.

તુર્કીમાં રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. ઘણી એજન્સીઓ લોકોને બચાવવામાં વ્યસ્ત છે. અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. તેમની અંદર લોકો દટાયા હોવાની પણ આશંકા છે. આ સિવાય ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, સાયપ્રસ, લેબેનોન, ઈરાકમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. અગાઉ તુર્કી-ઈરાન બોર્ડર પર ભૂકંપ આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૯ આંકવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર જે પ્રકારનો વીડિયો પોસ્ટ થઈ રહ્યો છે તે હેરાન કરનારા છે. લોકો અહીં અને ત્યાં દોડી રહ્યા છે. જમીન પર મોટી ઈમારતો દેખાય છે.

તબાહીનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે સીરિયા, લેબનોન, ઈઝરાયેલ, પેલેસ્ટાઈન અને સાયપ્રસ અને ઈરાક સુધી આંચકા અનુભવાયા છે. આ ભૂકંપ ૧૭.૯ કિલોમીટરની ઉંડાઈએ આવ્યો હતો અને તેનું કેન્દ્ર ગાઝિયનટેપ શહેરની નજીક હતું.તુર્કીમાં રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. ઘણી એજન્સીઓ લોકોને બચાવવામાં વ્યસ્ત છે. અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. તેમની અંદર લોકો દટાયા હોવાની પણ આશંકા છે. આ સિવાય ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, સાયપ્રસ, લેબેનોન, ઈરાકમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. અગાઉ તુર્કી-ઈરાન બોર્ડર પર ભૂકંપ આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૯ આંકવામાં આવી હતી. જમીન પર મોટી ઈમારતો દેખાય છે.પોલીસ અને બચાવ ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે. જોકે કેટલું નુકસાન થયું છે, મોટા માઈક દ્વારા જાહેરાતો કરવામાં આવી રહી છે કે લોકો તેમના ઘર છોડીને ખુલ્લા વિસ્તારોમાં જાય. લોકો અહીં અને ત્યાં દોડી રહ્યા છે. કાટમાળ પડેલો છે. ભૂકંપ એટલો તીવ્ર હતો કે લોકોને બચવાની તક મળી ન હતી. રિક્ટર સ્કેલ પર ૭ થી ઉપરનો ભૂકંપ ખૂબ જ ખતરનાક માનવામાં આવે છે.

તુર્કીયેના રાષ્ટ્રપતિ રેજબ તૈયબ ઈરદુગાને ટ્વિટ કરીને કહ્યું કે ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં બચાવ કાર્ય ચાલુ છે. ભૂકંપ દરમિયાન ઓછામાં ઓછા ૬ ઝટકા લાગ્યાં. ઈરદુગાને લોકોને અપીલ કરી કે તેઓ ધરાશાયી ઈમારતોમાં પ્રવેશ કરે નહીં.યૂનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે ના જણાવ્યા પ્રમણે પહેલાં ભૂકંપનું કેન્દ્ર કહરામનમારસ પ્રાંતના ગાઝિયાન્ટેપ શહેરથી ૩૦ કિલોમીટર દૂર અને જમીનથી લગભગ ૨૪ કિલોમીટર નીચે હતું. લોકલ સમય પ્રમાણે આ ભૂકંપ સવારે ૪.૧૭ મિનિટે આવ્યો. તેની ૧૧ મિનિટ પછી ૬.૭ તીવ્રતાનો બીજા ભૂકંપ પછી ૧૯ મિનિટ પછી ૫.૬ તીવ્રતાનો ત્રીજો ભૂકંપ પણ આવ્યો. અનેક લોકો કાટમાળ નીચે દબાઈને મૃત્યુ પામ્યા હોવાની આશંકા જણાવવામાં આવી રહી છે. લોકોને બચાવવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે.તુર્કીયેના મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, ભૂકંપ પછી નેચરલ ગેસની પાઈપલાઈન ફાટી ગઈ છે. તે પછી પાઈપલાઈનમાં આગ લાગી ગઈ છે.નવેમ્બરમાં તુર્કીયેમાં ૬.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેના આંચકા એટલા તીવ્ર હતા કે રાજધાની અંકારા, ઈસ્તંબુલ અને આસપાસના વિસ્તારોમાં એનો અનુભવ થયો હતો. આરોગ્યમંત્રી ફહરેટ્ટીન કોકાએ જણાવ્યું હતું કે ૨૨ લોકો ઘાયલ થયા છે. આ લોકોએ ભૂકંપના ભયથી એક ઊંચી ઈમારત પરથી છલાંગ લગાવી હતી.

દુનિયામાં દર વર્ષે અનેક ભૂકંપ આવે છે, પરંતુ એની તીવ્રતા ઓછી હોય છે. રાષ્ટ્રીય ભૂકંપ માહિતી કેન્દ્ર દર વર્ષે લગભગ ૨૦,૦૦૦ ભૂકંપ રેકોર્ડ કરે છે, જેમાંથી ૧૦૦ ભૂકંપ એવા છે, જે વધુ નુકસાન પહોંચાડે છે. ભૂકંપ થોડી સેકન્ડ કે થોડી મિનિટો સુધી રહે છે. ઈતિહાસનો સૌથી લાંબો ભૂકંપ ૨૦૦૪માં હિંદ મહાસાગરમાં આવ્યો હતો. આ ભૂકંપ ૧૦ મિનિટ સુધી ચાલ્યો હતો.

દિલ્હી સહિત ૬ રાજ્યોમાં કોંગ્રેસનું પ્રદર્શન, સંસદમાં અદાણી મામલે હંગામો

નવીદિલ્હી,તા.૬

અદાણી ગ્રુપની તપાસની માગણીને લઈને સોમવારે સંસદથી લઈને સડક સુધી હંગામો થવાની શક્યતા છે. કોંગ્રેસ દેશભરમાં વિરોધપ્રદર્શન કરી રહી છે. સંસદમાં આજે હંગામો થવાની સંભાવના છે. વિપક્ષનું કહેવું છે કે અદાણી સિવાયનો કોઈ મુદ્દો સંસદમાં ઉઠાવવામાં આવશે નહીં. આજે સોમવારે સવારે શેરબજારમાં અદાણી એન્ટરપ્રાઈસીસના શેરના ભાવ ૫% સુધી તૂટ્યા હતા.

બીજી તરફ, બ્રિટિશ લેન્ડર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકે માર્જિન લોન પર કોલેટરલ તરીકે અદાણી ગ્રુપના બોન્ડ લેવાનું બંધ કરી દીધું છે. અગાઉ સિટી ગ્રુપ અને ક્રેડિટ સુઈસ બેંક પણ આ કામ કરી ચૂકી છે.

અમેરિકન શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચનો અહેવાલ પ્રકાશિત થયા બાદ અદાણી ગ્રુપના શેરમાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. અહેવાલ આવ્યા બાદ અદાણી ગ્રુપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈસીસનો શેર ૧૨ દિવસમાં લગભગ ૬૦% જેટલો ઘટ્યો છે. આ પહેલાં શુક્રવારે કંપનીના શેરમાં ૩૫%નો ઘટાડો થયો હતો. જોકે આ પછી શેરમાં રિકવરી આવી અને એ માત્ર ૨.૧૯%ના ઘટાડા સાથે રૂ. ૧,૫૩૧ પર બંધ થયો. શેરમાં નીચલા સ્તરેથી ૫૦%ની રિકવરી જોવા મળી છે.શેરમાં ભારે ઘટાડા બાદ ગૌતમ અદાણીની નેટવર્થ ૯૦ અબજ ડોલર થઈ ગઈ છે. ગયા વર્ષે એ ૧૫૦ અબજ ડોલરની નજીક હતી. ફોર્બ્સની સોમવારે જાહેર થયેલી અમીરોના રિયલ ટાઈમ લિસ્ટમાં અદાણી ૨૧મા સ્થાન પર પહોંચી ગયા છે. શુક્રવારે એ ૨૨મા સ્થાને હતા. ૨૭ ફેબ્રુઆરી પહેલાં અદાણી વિશ્વની ત્રીજી સૌથી ધનિક વ્યક્તિ અને એશિયામાં નંબર વન હતા.લોકસભા અને રાજ્યસભામાં કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ અદાણી મામલે ચર્ચાની માગ કરીને નારેબાજી શરૂ કરી દીધી. બંને સદનોના સ્પીકર્સે સાંસદોને સમજાવવાની કોશિશ કરી, પરંતુ તેઓ માન્યા નહીં. તે પછી બંને સદનોની કાર્યવાહી કાલ સુધી સ્થગિત કરવામાં આવી છે.

કોંગ્રેસ સહિત ૧૫ વિપક્ષી પાર્ટીઓએ સંસદ પરિસરમાં ગાંધી પ્રતિમા સામે પ્રદર્શન કર્યું. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર સામાન્ય લોકોના રૂપિયાનો ઉપયોગ પોતાના મિત્રની મદદ માટે કરી રહી છે. વિપક્ષની માગ છે કે સરકાર આ મુદ્દે સંસદમાં ચર્ચા થવા દે.એલઆઈસી અને એસબીઆઈની ઓફિસો સામે કોંગ્રેસનું પ્રદર્શન થઈ રહ્યું છે. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર પોતાના મિત્રોની મદદ માટે સામાન્ય લોકોના પૈસાનો ઉપયોગ કરી રહી છે. વિપક્ષની માગ છે કે સરકાર આ મુદ્દા પર સંસદમાં ચર્ચા કરવા દે. આ સાથે અદાણી જૂથના નાણાકીય વ્યવહારોની સંસદીય પેનલ અથવા સુપ્રીમ કોર્ટની સમિતિ દ્વારા તપાસ થવી જોઈએ.કોંગ્રેસ-અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આજે વિપક્ષી નેતાઓ સાથે બેઠક યોજી હતી. કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું- સમગ્ર વિપક્ષ એકસાથે આવશે, ચર્ચા થશે અને નિર્ણય લેવામાં આવશે. આ માત્ર કોંગ્રેસનો મુદ્દો નથી, પરંતુ ભારતની સામાન્ય જનતાનો મુદ્દો છે. બેઠકમાં કોંગ્રેસ, ડીએમકે,એનસીપી બીઆરએસ જેડીયુ એસપી સીપીએમ સીપીઆઈ ,કેરળ કોંગ્રેસ જેએમએમ આરએલડી આપ આઈયુએમએલ આરજેડી અને શિવસેના હાજર રહ્યા. વિપક્ષના જણાવ્યા પ્રમાણે- સંસદમાં અન્ય કોઈ મુદ્દો ઊઠશે નહીં. અદાણી મુદ્દે ૧૬ જૂથોની એકતા દેખાઈ રહી છે. મલ્લિકાર્જુન ખડગેની સાથે તમામ પાર્ટીઓના નેતાઓનું એકજૂટ થવું કોંગ્રેસની આશા બંધાવનારી છે. મોદી સરકારના બંને કાર્યકાળમાં કદાચ આ પહેલી વખત છે જ્યરે કોંગ્રેસને આટલા બધા દળોનું સમર્થન મળી રહ્યું છે. વિપક્ષી દળોનું કહેવું છે કે અદાણી મુદ્દે સંસદ તરફથી જેપીસી ગઠિત થવી જોઈએ. જો એવું નથી થતું તો સુપ્રીમ કોર્ટના કોઈ જજની દેખરેખ હેઠળ તપાસ કરાવવી જોઈએ.કોંગ્રેસ પક્ષે સવારે જ જાહેર કર્યું હતું કે, અદાણી ગ્રુપ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રોજ ત્રણ પ્રશ્નો પૂછશે. આજે સંસદની કાર્યવાહી શરૂ થતા પૂર્વે કોંગ્રેસના સભ્યોએ મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે ધરણા કર્યા હતા અને લોકસભા તથા રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં જ કોંગ્રેસ સહીતના ૧૬ વિપક્ષોએ અદાણી મામલે સરકાર નિવેદન આપે અને સયુંક્ત સંસદીય તપાસ સમિતિની રચના માટે ખાસ ચર્ચા પણ યોજે.આજે બન્ને ગૃહોમાં રાષ્ટ્રપતિનાં ભાષણ પરનો આભાર પ્રસ્તાવ રજુ થવાનો હતો પરંતુ વિપક્ષના હંગામાને કારણે તે પણ થઈ શક્યો નહિં અને બન્ને ગૃહ મુલત્વી રખાયા હતાં કોંગ્રેસનેતા જયરામ રમેશે કહ્યું હતું કે અદાણી ગ્રુપ પર લાગેલા ગંભીર આરોપો વચ્ચે મોદી સરકાર ચૂપ છે. આ મિલીભગતનો સ્પષ્ટ સંકેત છે. કોંગ્રેસે પીએમ ત્રણ સવાલ પૂછ્યા છે જેમાં પહેલો સવાલઃ

ગૌતમ અદાણીના ભાઈ વિનોદ અદાણી પર પનામા પેપર્સ અને પેન્ડોરા પેપર્સમાં ફ્રોડના આરોપ લાગ્યા છે, આ અંગે કોઈ કાર્યવાહી થઈ? બીજો સવાલઃ હિંડનબર્ગ રિપોર્ટ આવ્યા બાદ ગૌતમ અદાણી પર ઈડી સીબીઆઈ અને ઈક્મટેક્સ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે? ત્રીજો સવાલઃ માત્ર અદાણી ગ્રુપને જ એરપોર્ટમાં એકાધિકાર સ્થાપિત કરવાની મંજૂરી આપવામાં આવી છે, આ કઈ રીતે શક્ય છે?

ભૂરીયાઓથી આપણી પ્રગતિ સહન થતી નથી,વીરેન્દ્ર સેહવાગે નામ લીધા વગર હિંડનબર્ગ પર હુમલો કર્યો

નવીદિલ્હી,તા.૬

ભારતીય શેર બજારની કરોડરજ્જુ ગણાતા અદાણી ગ્રુપમાં ૨૪ જાન્યુઆરીએ હિંડનબર્ગના અહેવાલ બાદ હલચલ મચાવી દીધી હતી. અદાણી ગ્રુપના શેર નીચે આવવા લાગ્યા. હિન્ડેનબર્ગના અહેવાલ બાદ વિશ્વના બીજા સૌથી ધનિક જૂથના વડા ગૌતમ અદાણી ટોપ-૨૦માંથી બહાર થઈ ગયા હતા અને તેમના પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા. આ મામલે વિપક્ષ નરેન્દ્ર મોદી સરકાર પર આક્રમક સવાલ કરી રહ્યાં છે.

બીજી તરફ ગૌતમ અદાણીએ ખુદ સામે આવીને ખુલાસો આપવો પડ્યો હતો.

આ વચ્ચે ભારતીય માર્કેટ અને અદાણી ગ્રુપમાં આવેલા ભૂકંપને લઈને પૂર્વ વિસ્ફોટક ઓપનર વીરેન્દ્ર સેહવાગે હિંડનબર્ગ પર હુમલો કર્યો છે. તેમણે હિંડનબર્ગનું નામ લીધા વગર કહ્યું કે ભૂરાઓથી ભારતની પ્રગતિ સહન થતી નથી. એટલું જ નહીં તેમણે આ મામલાને પ્લાન્ડ ષડયંત્ર ગણાવ્યું છે. તેમણે ટ્વીટમાં લખ્યું- ગોરાઓથી ઈન્ડિયાની પ્રગતિ સહન થતી નથી. ઈન્ડિયન માર્કેટનું આ પ્રકારે નીચે આવવું ચતુરાઈથી પ્લાન્ડ કોન્સપિરેસી લાગે છે.

તેમણે આગળ લખ્યું- પ્રયાગ ગમે એટલો પણ કરી લો, પરંતુ હંમેશાની જેમ ભારત વધુ મજબૂત થઈને ઉભરશે. સેહવાગનું આ ટ્વીટ થોડા સમયમાં વાયરલ થવા લાગ્યું. તેના પર તમામ ફેન્સની પ્રતિક્રિયા આવી રહી છે. મોટા ભાગના પોતાના હીરોથી સહમત થતાં જોવા મળી રહ્યાં છે. નોંધનીય છે કે હિંડનબર્ગ રિપોર્ટની અસર તે થઈ કે અદાણી ગ્રુપના લગભગ શેરમાં લોઅર સર્કિટ લાગી છે.

ગૌતમ અદાણી ગ્રુપની નેટવર્થમાં ઝડપથી ઘટાડો થયો છે તો તેની ઈન્ટરનેશનલ માર્કેટમાં છબી ખરાબ થઈ છે. તે એક ૨૦ હજાર કરોડનો એફપીઓ લાવી રહ્યાં હતા, પરંતુ આ વિવાદ બાદ તેને સ્થગિત કરવો પડ્યો હતો. તેમણે કહ્યું હતું કે એફપીઓમાં લાગેલા ઈન્વેસ્ટર્સના પૈસા ખુદ પરત કરશે. છેલ્લા બે સપ્તાહથી આ મુદ્દો ચર્ચામાં છે અને અદાણી ગ્રુપના શેરમાં ૪૪ ટકા જેટલો ઘટાડો થઈ ચુક્યો છે.

ભારે હોબાળા વચ્ચે ત્રીજી વખત દિલ્હીને નહિ મળે મેયર

નવીદિલ્હી,તા.૬

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આજે મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાઈ રહી છે. સતત બે વખત ચૂંટણી મોકૂફ કર્યા બાદ આ ત્રીજી વખત મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાઈ હતી. પરંતુ આજે પણ દિલ્હીને મેયર અને ડેપ્યુટી મેયર મળશે નહિ. ફરી એકવખત સ્ઝ્ઢ ચૂંટણી રદ્દ થઈ છે. એમસીડીના તમામ સભ્યોએ શપથ પહેલેથી જ લઈ લીધા છે. સવારે ૧૧થી વાગ્યાથી શરુ થયેલ મેયરની ચૂંટણીમાં ફરી હંગામો જોવા મળી રહ્યો છે. આ પહેલા આમ આદમી પાર્ટીએ પ્રોટેમ સ્પીકરને પત્ર લખ્યો છે. જેમાં નોમિનેટેડ કાઉન્સિલરોને મતદાનનો અધિકાર આપવામાં આવશે નહીં તેવું જણાવવામાં આવ્યું છે. ચૂંટણી શરુઆતની સાથે જ ૧૦ મિનીટ કાર્યવાહી સ્થગિત કરવમાં આવી હતી.

ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલા જ આરોપનો દોર શરૂ થઈ ગયો છે. દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ ટ્વિટ કર્યું કે, 'ભાજપે તેના કાઉન્સિલરોને આજે ફરીથી એમસીડીની બેઠકમાં મેયરની ચૂંટણી ન થવા દેવાની સૂચના આપી છે, બીજેપી કાઉન્સિલરોને ગૃહ શરૂ થતાંની સાથે જ કોઈને કોઈ બહાને હંગામો મચાવવા માટે કહેવામાં આવ્યું છે. પ્રિસાઈડિંગ ઓફિસર પાછળની વખતની જેમ ફરીથી ગૃહને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરશે, એલજી ફરીથી ૨૦ દિવસ પછી તારીખ આપશે.

કોંગ્રેસી નેતાના ૬ વર્ષના ભત્રીજાની હત્યા
અપહરણ કરીને ૪ કરોડની ખંડણી માગી; મોઢે ડૂચો માર્યો, બે આરોપીની ધરપકડ

મહૂ,તા.૬

મધ્યપ્રદેશના મહૂમાં કોંગ્રેસના નેતાના ૬ વર્ષના ભત્રીજાનું અપહરણ કરીને તેની હત્યા કરવામાં આવી. બાળકનો મૃતદેહ પુલ નીચેથી મળ્યો છે. હત્યા પહેલાં અપહરણકર્તાઓએ બાળકના પરિવારને ફોન કરીને ૪ કરોડ રૂપિયાની ખંડણી માગી હતી. આ ઘટનાના ઝ્ઝ્ઝ પણ સામે આવ્યા છે, જેમાં આરોપી બાળકને લઈને જતો જોવા મળે છે.

મહૂના સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ ડૉ. એચઆર વર્માએ જણાવ્યું હતું કે બાળકના મોંમાં કપડું ભરીને તેનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. આ મામલો કિશનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના પિગદમ્બર ગામનો છે. પોલીસે ૨ આરોપીની ધરપકડ કરી છે. બંને આરોપી પરિવારના નજીકના છે.કોંગ્રેસનેતાનો ભત્રીજો રવિવાર સાંજથી ગુમ હતો. પરિવારજનોએ કલાકો સુધી તેની શોધખોળ કરી હતી. મોડી રાત્રે પોલીસને બાતમી મળી હતી કે પુલ નીચે એક બાળકની લાશ પડી છે.

કોંગ્રેસનેતા વિજેન્દર સિંહ ચૌહાણના નાના ભાઈ જિતેન્દ્ર સિંહ ચૌહાણનો પુત્ર હર્ષ (ઉં. ૬) રવિવારે સાંજે લગભગ ૬.૩૦ વાગ્યે ઘરની સામેથી ગુમ થયો હતો. પરિવારજનોએ કલાકો સુધી ગામ સહિત આસપાસના વિસ્તારમાં હર્ષની શોધખોળ કરી હતી. તે ન મળતાં તેમણે પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસ પણ બાળકને શોધી રહી હતી. મોડી રાત્રે ચોરલ હેઠળ આવતા સાંદલ-માંડલ ગામમાં એક પુલ નીચે બાળકની લાશ પડી હોવાનું જાણવા મળ્યું હતું. આ પછી પોલીસ અને સંબંધીઓ ઘટનાસ્થળે પહોંચ્યા. બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો અને તેને મહૂની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. સોમવારે સવારે અહીં તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે સાંજે લગભગ ૬થી ૬.૩૦ હર્ષ તેના ઘરની બહાર સાઈકલ ચલાવતો હતો. તળાવ પાસે પહોંચ્યો અને અહીંથી ગુમ થઈ ગયો. લાંબા સમય સુધી બાળક ઘરે પરત ન આવતાં સંબંધીઓએ તેની શોધખોળ શરૂ કરી હતી.

તંત્રી સ્થાનેથી...

પોર્ટથી લઈને પાવર પેદા કરતા અદાણી જૂથ સામે સૌથી મોટી કસોટી

અદાણી જૂથની કંપનીઓનું કુલ મૂલ્ય ૨૨૦ અબજ ડૉલર હતું, પરંતુ અમેરિકન રિસર્ચ કંપની હિંડનબર્ગના રિપોર્ટ બાદ તે લગભગ અડધું થઈ ગયું છે. એક જ અઠવાડિયામાં ભારતના સૌથી મોટા બિઝનેસ જૂથોમાંના એક અદાણી જૂથે આ બંને પાસાઓના દર્શન કરી લીધા છે. અદાણી જૂથે રિપોર્ટમાં લાગેલા તમામ આરોપોને નકારી કાઢયા છે અને તેમને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમ છતાં, તે રોકાણકારોની ચિંતાઓને દૂર કરવામાં નિષ્ફળ રહ્યું છે. અદાણી જૂથની કંપનીઓની માર્કેટ વૅલ્યૂ દરરોજ ઘટી રહી છે, પૉર્ટથી લઈને પાવર પેદા કરતું આ જૂથ અત્યારે સૌથી મોટી કસોટીમાંથી પસાર થઈ રહ્યું છે. વર્તમાન પડકારો આ જૂથની પ્રગતિની ગતિને ભારે બ્રેક મારી શકે છે અથવા એવું પણ બની શકે કે કંપનીએ તેની કેટલીક શ્રેષ્ઠ સંપત્તિઓ ગુમાવવી પણ પડી શકે. કંપનીના શૅરમાં સતત ઘટાડો થવાનો અર્થ એ છે કે તે કંપનીમાં રોકાણકારોનો વિશ્વાસ ગુમાવી રહી છે. પરંતુ, શૅરના ભાવમાં ઘટાડો કંપનીના વ્યવસાયને અસર કરે છે, જ્યારે દેવું ચૂકવવા માટે જરૂરી કંપનીની રોકડ આવકમાં ઘટાડો થાય અને જ્યારે તેના વિસ્તરણ માટે મૂડી મેળવવી મુશ્કેલ બની જાય ત્યારે આમ થાય છે. રોકાણકારોનો વિશ્વાસ ડગી જવાને કારણે અદાણી જૂથ માટે આગામી સમયમાં બજારમાંથી મૂડી એકત્ર કરવી મુશ્કેલ બનશે.

ગત ૨૪મી જાન્યુઆરી ૨૦૨૩એ હિંડનબર્ગનો રિપોર્ટ બહાર આવ્યો ત્યારથી અદાણી જૂથની કંપનીઓના શૅર દરરોજના ટ્રેડિંગ દરમિયાન સતત ઘટી રહ્યા છે. અદાણી જૂથની સૌથી મોટી કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસના શૅરમાં બુધવારના ટ્રેડિંગ દરમિયાન લગભગ ૨૮ ટકાનો ઘટાડો થયો હતો અને ગુરુવારે તેમાં વધુ ૨૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યારબાદ કંપનીએ ૨.૫ અબજ ડૉલર એકઠા કરવા માટે લાવવામાં આવેલી ૨૦ હજાર કરોડની ફૉલો ઑન પબ્લિક ઓફર (એફપીઓ)ને પણ રદ કરવી પડી. અદાણી જૂથ તેના વિસ્તરણ માટે વધુ રોકડ એકઠી કરવા અને તેના કેટલાક દેવાની ચૂકવણી કરવા માટે શૅર વેચાણની આ ઓફર લાવ્યું હતું. એફપીઓ દ્વારા એકઠી કરાયેલી મૂડીનો લગભગ અડધો ભાગ અદાણી એન્ટરપ્રાઈઝ અને તેની પેટા કંપનીઓના પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવાનો હતો. આમાં ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમની સ્થાપના, હાલના ઍરપોર્ટનું વિસ્તરણ અને રોડ અને હાઈવે બનાવતી તેની પેટાકંપની હેઠળ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ બનાવવાની યોજનાઓનો સમાવેશ થતો હતો.

હવે અદાણીએ ઘણા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાંથી હટી જવું પડશે અને તેમની સમયરેખા પણ લંબાવવી પડશે, કારણ કે આ સમયે મૂડી એકઠી કરવી તેમના માટે લગભગ અશક્ય હશે. આ સમયે અદાણી જૂથ પાસે નાણાં એકઠા કરવાનો એક જ રસ્તો છે કે વધુ લૉન લેવી. પરંતુ, આ મામલે તેમના હાથ બંધાયેલા છે. અદાણીને લૉન આપતા ધિરાણકર્તાઓ ગભરાય છે. અદાણી જૂથ પર પહેલેથી જ ઘણું દેવું છે. કંપનીઓ ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની કંપનીઓ માટે નવા પ્રોજેક્ટ બનાવવા અથવા વધુ નાણાં એકઠા કરવા માટે લૉન લે તે સામાન્ય પ્રથા છે. લૉન લેવી એ અદાણી જૂથની મુખ્ય વ્યૂહરચના રહી છે અને તેનાથી તેમને તેમના વ્યવસાયને ઝડપથી વિસ્તારવામાં મદદ મળી છે.મુશ્કેલીની વાત એ છે કે કંપનીના નફા અને આવક કરતાં દેવું વધવાની ગતિ ઘણી ઝડપી રહી છે. આ કારણે કંપની પર નાદારી નોંધાવવાનું જોખમ વધી ગયું છે. અદાણી જૂથ વિશે આ પ્રકારની ચિંતા છે, જે હિંડનબર્ગ રિપોર્ટ સાથે અન્ય ઘણા વિશ્લેષકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ જનરલ પરવેઝ મુશર્રફની દફનવિધી કરાંચીમાં કરાશે

કરાંચી,તા.૬

ભૂતપૂર્વ આર્મી પ્રમુખ અને રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફનું લાંબી માંદગી બાદ દુબઈની હોસ્પિટલમાં નિધન થયું છે. સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર ભૂતપૂર્વ જનરલ એમાયલોઇડિસિસ ગંભીર રોગથી પીડાતા હોવાને કારણે મૃત્યુ પામ્યા હતા.

પરવેજ મુશર્રફની લાંબા સમયથી દુબઈની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. તે ૨૦૧૬થી સંયુક્ત અમીરાતમાં હતા. સોમવારે તેમના મૃતદેહને પાકિસ્તાન લઈ જવામાં આવશે અને તેમના અંતિમ સંસ્કાર બાદમાં કરવામાં આવે તેવી અપેક્ષા છે.

પરવેઝ મુશર્રફે ૧૯૯૯માં સત્તા પર કબ્જો જમાવ્યો હતો. જ્યારે અમેરિકા પર ૯/૧૧નો હુમલો થયો ત્યારે તે પાકિસ્તાનના આર્મી ચીફ, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને રાષ્ટ્રપતિ તરીકે એક સાથે ફરજ બજાવતા હતા.

પરવેઝ મુશર્રફના લગભગ નવ વર્ષના શાસન દરમિયાન બે વાર સંવિધાનને સસ્પેન્ડ કર્યું હતું અને તેમના પર જનમત સંગ્રહ તેમજ માનવાધિકારના ઉલ્લંઘનનો આરોપ હતો.

બીજી તરફ, પાકિસ્તાની સેનાની મીડિયા વિંગે એક નિવેદનમાં કહ્યું કે, વરિષ્ઠ સૈન્ય વડાઓએ જનરલ પરવેઝ મુશર્રફના દુઃખદ અવસાન પર દિલથી શોક વ્યક્ત કર્યો છે. તેમના પરિવારના જણાવ્યા અનુસાર, એમીલોઇડિસ રોગ પછી તેમના શરીરના ઘણા ભાગો કામ કરતા ન હતા.

સ્વર્ગમાં શું હશે ?
બધું જ ટનાચન અને ચકાચક હશે સ્વર્ગમાં?
રહેવાલાયક ને માણવાલાયક હશે સ્વર્ગમાં?
વગર વરસાદે રસ્તા પર ભુવા પડતા હશે સ્વર્ગમાં?
ખાડા વચ્ચે રસ્તાઓ કે રસ્તામાં ખાડા હશે સ્વર્ગમાં ?
સપનાંની જેમ લાઇટની આવનજાવન હશે સ્વર્ગમાં ?
માંકડ કે મચ્છરની કેટલી કનડગત હશે સ્વર્ગમાં ?
પતિ પત્ની ને વોહની કશ્મકશ હશે સ્વર્ગમાં ?
એકમેકને પતાવવા સોપારી લેવાતી-દેવાતી હશે સ્વર્ગમાં?
રંભા ને મેનકા વચ્ચે સડકછાપ કલહ હશે સ્વર્ગમાં ?
ઊર્વશીને મેળવવા દેવોમાં ઢિસુમ હશે,
સ્વર્ગમાં ?
પાણીપુરી,પાપડીચાટ કે ભેળના ખુમચા હશે સ્વર્ગમાં?
સીસમવર્ણીને રૂપાળી રાધા કરવા બ્યુટીપાર્લર હશે સ્વર્ગમાં ?
એક સાથે એક અપ્સરા ફ્રીની સ્કીમ હશે સ્વર્ગમાં?
અપ્સરાઓનું સ્ટોક કલીરીયન્સ સેલ હશે સ્વર્ગમાં ?
ભરત વૈષ્ણવ
૬.૨.૨૦૨૧# કાવ્ય

ગદ્દાર કેળાને યુક્રેન હાંકી કાઢો- રાજુ રદીની હાકલ

" અરરર! આમને શું સૂઝ્યું?" રાજુ રદીએ ક્વિન્ટલ ક્વિન્ટલનો(આ મણ મણ ક્યાં સુધી? હેં? યંગસ્ટરને મણ એટલે કેટલા લિટર એવો માસૂમ સવાલ થશે! મણ એટલે લિટર નહીં પણ વીસ કિલો!!) નિસાસો મુક્યો.

" રાજુ . બધા પોતાની દીકરીના ભવિષ્યનો વિચાર કરે કે નહીં? દીકરીને ગમે ત્યાં ભાડિયા કુવામાં છતી આંખે થોડા નાંખે?" મેં બારોબાર કારોબાર કરી કન્યા પક્ષનો બચાવ કર્યો.

" ગિરધરભાઈ. હું વ્યકિતગત વાત નથી કરતો. સમસ્ય સૃષ્ટિની વાત વિચારું છું. " રાજુ રદીએ સ્પષ્ટતા કરી.

"રાજુ. તું બિહારની વાત કરૂં છું?" મેં સાંપ્રત સવાલ કર્યો.

"ગિરધરભાઈ મને રાજકારણમાં તલભાર રસ નથી." રાજુએ સોંય ઝાટકીને કહ્યું.

" ટિકટોક સ્ટાર સોનાલી ફોગટના આકસ્મિક નિધનની વાત કરે છે?" મેં રાજુને પૂછ્યું!!

" ના ગિરધરભાઈ." રાજુએ ટૂંકોટચ જવાબ આપ્યો .

"તો ? બીજું શું?"

" આ કેળા આડા ફાટ્યા છે. નયા ભારતના નિર્માણમાં સિંગતેલ, પેટ્રોલ, ડિઝલ, રાંધણ ગેસ, કોમર્શિયલ ગેસ સિલિન્ડર , સીએનજી, પીએનજી, મરી મસાલા, દૂધ, લસ્સી , દહીં, ટમેટા, કોથમીર, તુવેરદાળ ભાવોની સતત નવી સપાટી ટચ કરી રહ્યા છે."રાજુએ ફૂગાવાયણ વાંચ્યું.

" હા, પણ કેળાએ ગોથું ખાધું કે શું?" મેં પૂછ્યું

" ગિરધરભાઈ કેળા ખુટલ નીકળ્યા. દેશદ્રોહી નીકળ્યા. એને યુક્રેન ભેગા કરવા પડશે! કેળાની માગ બારમાસી છે. પરંતુ, આ વર્ષે ઉત્પાદનમાં ઘટાડો અને માગમાં વધારાને કારણે ખેડૂતોને કેળાના વિકમી ભાવ મળ્યા છે .કેળાના વધેલા ભાવને લીધે કેળા ઉત્પાદકોને ઘી કેળા કે ચાંદી ચાંદી જ હતી!!કેળાના ભાવમાં એકાએક ઘટાડાના કારણે કેળા ઉત્પાદકો પરેશાન થઈ રહ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે વેપારીઓ મનસ્વી રીતે ઓછા ભાવે ખરીદી કરી રહ્યા છે. આ જ ખેડૂતો આગામી ગણેશોત્સવના તહેવારમાં ભાવ વધારાની અપેક્ષા રાખી રહ્યા છે. આવકમાં વધારો અને વેપારીઓની ભૂમિકાને કારણે કેળાના ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે, એક મહિનામાં કેળાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ.૩ હજારથી ઘટીને રૂ.૧,૫૦૦ થયો છે.

ક્વિન્ટલ ખેડૂતોનું કહેવું છે કે, આવક વધવાને કારણે ભાવમાં ઘટાડો થયો છે. બીજી તરફ વેપારીઓ દ્વારા કરાયેલી રમતના કારણે કેળાના ભાવમાં પણ ઘટાડો નોંધાયો છે. જલગાંવ જિલ્લાના ખાનદેશમાં વેપારીઓએ ઓછા ભાવે કેળાનો વેપાર શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તેની અસર ભાવ પર પણ પડી રહી છે. રાજુએ મિડિયા ટ્રાયલ ચલાવી.

"રાજુ,કેવી રીતે ?" મેં ઉત્કટતાથી પૂછ્યું.

"કેળા અમીચંદ-મીરજાફર દેશળ-વિકળ બની ગદદારી કરી. ત્રણસો નેવું રૂપિયાની જાદુઈ સપાટી ઓળંગી રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપ્યું. પ્રત્યેકની (છપ્પન ઈંચની) છાતી ગજગજ ફૂલી . પછી એણે ભાવ ઘટાડાની નીચ હરકત કરી. તેને બરદાસ્ત ન કરી શકાય!આવી મનમાની કરવાથી જનતાનો ભાવવધારા પરનો ભરોસો ડગમગી જાય. આદિ કવિ નર્મદની જેમ ડગલું ભર્યું તે ના હટ્યું તે ના હટ્યું ટાઇપનો સ્ટેમિના જોઈએ!! કેળાંના પગલે બધા ચાલે તો અર્થતંત્ર પાતાળમાં ધસી જાય. ભાવો વધતા રહે એ માટે સૌનો(ગ્રાહકો સિવાય) સાથ જોઈએ.

તેમાં જ સૌનો (ગ્રાહકો સિવાય) વિકાસ છે!! રાજુએ જુસ્સાદાર પ્રવચન કર્યું. રાજુ પંદરમી ઓગષ્ટના પ્રવચનોની અસરમાં હતો!!

કેળું ખાતા ખાતા મેં ત્યાંથી પતલી ગલીમાં વટી જવાનું મુનાસિબ સમજ્યું!!

ભરત વૈષ્ણવ
૬.૨.૨૦૨૧#

લોદરાઃ ગાંધીનગરનું સમૃદ્ધ ગામ



દેશની ખરી ધરોહરતેના ગામડાં છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી હંમેશા કહેતા કે, 'ભારતનો આત્મા તેના ગામડાંમાં રહેલો છે.' બાપુનું માનવું હતું કે, 'જો ગામડાં નષ્ટ થઈ જશે તો દેશ નષ્ટ થઈ જશે. પૂજય બાપૂએ ગ્રામ સ્વરાજને પૂરતું મહત્વ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે એટલા માટે જ ગામડાંના વિકાસ માટે સરકારોએ સતત આગળ આવવું જોઈએ અને ગામડાંને આત્મનિર્ભર કરવા જોઈએ.' બાપુના આ સંદેશને આત્મસાત કરતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગ્રામીણ વિકાસ અને સુશાસનના મંત્રને સાકાર કરીને ''આત્મા ગામડાંનો, સુવિધાઓ શહેરની'' વિકાસમંત્ર સાથે દેશના ગામડાંનો ખરો વિકાસ કર્યો છે. પ્રધાનમંત્રીશ્રી દ્વારા શરૂ કરાયેલી આત્મનિર્ભર ભારતની પહેલ બાપુના જ વિચારોને પ્રતિપાદિત કરે છે.

ગુજરાતના ગામડાં પહેલેથી સમૃદ્ધ રહ્યા છે. રાજયના કર્મઠ ખેડૂતો, કારીગરો, મજૂરો વગેરેએ એમના પરસેવા થકી રાજયના વિકાસને સિંચ્યો છે. ગુજરાતનાં ગામડાંની દેશ વિદેશમાં નોંધ લેવાઈ છે. ગાંધીનગરના માણસા તાલુકાનું એક એવું જ ગામ જે સ્વાદિષ્ટ વ્યંજન ખમણને લીધે તો ઓળખાયું જ છે પણ એના વિકાસને લીધે પણ અલગ ઊભરી આવ્યું છે. લોદરા ગામની ચાર વસ્તુઓ ઘણી પ્રખ્યાત છે. જેના વિશેની એક કહેવત ઘણી પ્રચલિત છે. લોકો કહે છે કે, 'બાવો, માવો, ખમણ અને ખાટલો તો લોદરાનો જ સારો'

લોદરા ગામના સંત શ્રી બલરામદાસજીની ભક્તિ અને તેમનો સેવાયજ્ઞ આખાય પંથકમાં જગજાહેર હતો. વિવિધ મિઠાઈમાં વપરાતો દૂધનો વિશેષ માવો પણ લોદરાની ઓળખ છે. આ ઉપરાંત અહીંના સુથારો દ્વારા બનાવવામાં આવતા ખાટલા એટલા મજબૂત રીતે ફિટ કરવામાં આવતા કે લોકો કહેતા કે એમાં નાની સોઈ પણ ઘૂસાડી ન શકાય. લોદરાનું ખમણ તો ગાંધીનગર જિલ્લામાં લોકમોંઢે વસી ગયેલું નામ છે. હસમુખભાઈનો પરિવાર ત્રણ પેઢીથી ખમણ બનાવે છે. હસમુખભાઈના પૌત્ર તરુણભાઈ કહે છે કે, 'છેલ્લા ૧૦૦ વર્ષથી અમારું કુટુંબ ખમણ બનાવે છે. અમારા ખમણને લોકો વખાણે છે. લોકો દૂર દૂરથી અમારા ખમણનો સ્વાદ લેવા માટે આવે છે.''

લોદરા ગામ તેની સ્વચ્છતાને લીધે અલગ રીતે તરી આવે છે. ગામમાં મહોલ્લા દીઠ કચરાપેટી રાખવામાં આવી છે, ઉપરાંત ગ્રામ પંચાયત દ્વારા ઘરે ઘરે જઈને કચરો ઉઘરાવવામાં આવે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ લોદરા ગામની કુલ વસ્તી ૭૭૨૩ જેટલી છે. જેમાં ગામમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા નહિવત છે. ગામમાં પટેલ, ઠાકોર, બ્રાહ્મણ, વાણિયા, રાવળ, દલિત વગેરે જ્ઞાતિના લોકો સંપીને રહે છે. ગામમાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ખેડૂતો ઘઉં, બાજરી, કપાસ, એરંડા, જુવાર, રાયડો, વરિયાળી, જીરું તેમજ શાકભાજીની ખેતી કરે છે. ગામના જ પ્રગતિશીલ ખેડૂત કાંતિભાઈ પટેલે સરકારશ્રી તેમજ બાગાયત ખાતાના સહયોગથી ડ્રેગન ફ્રૂટ સહિત વિવિધ વિદેશી ફળની ખેતી કરી છે. આ સિવાય બીજા એક ખેડૂત પ્રહલાદભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી કરીને ગામના તેમજ જિલ્લાના ખેડૂતોને દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.

ગામના વિકાસ અને પંચાયતના સહયોગથી બે ખાનગી કંપનીઓ વાડીલાલ આઈસક્રીમ અને કાપડની જિનિંગ મિલ ગામ લોકોને રોજગાર પૂરો પાડે છે. લોદરા ગ્રામ પંચાયત સક્રિય રીતે કામ કરે છે. ગ્રામ સેવકો દ્વારા સરકાર દ્વારા જાહેર કરાયેલી યોજનાઓના લાભ અને અમલીકરણ માટે લોકોને જાગૃત કરવામાં આવે છે. ગામમાંસહકારી દૂધ મંડળી, ગ્રોફેડ (ઈઈઈઈઈ) અને સહકારી સેવા મંડળી જેવી લોકહિતકારી સંસ્થાઓ છે જેનો લોકો વ્યાપકરીતે લાભ લે છે. ગ્રોફેડમાં ખેતીમાં ઉપયોગી ખાતર/ બિયારણ/ જંતુનાશક દવા વગેરે સસ્તા દરે આપવામાં આવે છે. ગામમાં આંગણવાડીથી લઈને માધ્યમિક સુધીના અભ્યાસ માટેની શાળાઓ છે. ગામમાં ૪ પ્રાથમિક શાળાઓ અને ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળા છે. આ સિવાય ઉચ્ચતર માધ્યમિકની ૨ શાળાઓ છે. જેમાં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ બંને સામેલ છે. આ ઉપરાંત ઉચ્ચ અભ્યાસ માટે પીટીસી, બી. એડ તેમજ આયુર્વેદિક કોલેજ પણ આવેલી છે. આ સંસ્થાઓને લીધે જ ગામનો સાક્ષરતા દર ૮૭.૦૬ ટકા સુધી પહોંચ્યો છે.

પ્રાથમિક આરોગ્યની સુવિધા માટે ગામમાં પેટા આરોગ્ય કેન્દ્ર આવેલું છે. જેમાં ૪ જેટલી આશાવર્કરો ઘરે ઘરે ફરીને સ્વાસ્થ્ય બાબતે જાગૃતિ ફેલાવે છે તેમજ સહકાર આપે છે. ગામમાં ઘરે ઘરે પીવાના પાણીની સવલત છે. પંચાયત દ્વારા કુલ ૨૪૦૦ જેટલા નળ કનેક્શનો અપાયેલા છે. ગામને 'જુથ પાણી પુરવઠા યોજના' હેઠળ આવરી લેવાયેલું છે. બે સાર્વજનિક ઓવરહેડ ટાંકી દ્વારા ઘરે ઘરે પાણી પહોંચાડાય છે. આ સિવાય ગામનું દૂધેશ્વર તળાવ નર્મદાના નીરથી ભરેલું રહે છે. જેને લીધે ગામ લોકોને તો સીધો ફાયદો થયો જ છે સાથે સાથે પણ ગામનું ભૂગર્ભજળનું સ્તર પણ ઊંચું આવ્યું છે.

ગામમાં ઘરે ઘરે શૌચાલય છે. ઉપરાંત પાકી બંધ ગટર વ્યવસ્થા દ્વારા પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવે છે. ગામમાં ૨૪ કલાક થ્રી ફેઈજ કનેક્શન દ્વારા વીજળી પૂરી પાડવામાં આવે છે. ગામમાં શેરીએ શેરીએ એલઈડી સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવી છે. મુખ્ય ધોરીમાર્ગ સાથે જોડાયેલા ગામમાં કોંક્રીટ તેમજ ડામરના રોડ આવેલા છે. આ સિવાય એપ્રોચ રોડ પણ બનાવવામાં આવ્યા છે.

લોદરા ગામ ધાર્મિક અને સાંસ્કૃતિક માહોલવાળું છે. અહી ૧૧ જેટલા મંદિરો આવેલા છે. જેમાં અતિપ્રાચીન રામજી મંદિર, મહાકાળી મંદિર, દૂધેશ્વર મહાદેવ મંદિર, બાલા હનુમાનનું મંદિર ઘણા પ્રખ્યાત છે. બાલા હનુમાન મંદિર દ્વારા ગૌશાળા પણ ચલાવવામાં આવે છે જ્યાં દેશી ગાયોના સંવર્ધન અને સંરક્ષણ માટે વિશેષ ધ્યાન રખાય છે. આ ઉપરાંત ગામમાં અભિનંદનસ્વામી જૈન મંદિર પણ આવેલું છે.

ગામમાં ગ્રામ વાટિકા આવેલી છે જ્યાં આબાલવૃદ્ધ સહુ કોઈ આનંદપ્રમોદ કરી શકે છે.

વાચકો માટે સાર્વજનિક પુસ્તકાલય છે જેનો વિદ્યાર્થીઓથી માંડીને ગામનો સામાન્ય માણસ પણ લાભ લઈ શકે છે. ગામમાં સાર્વજનિક રમત ગમતનું મેદાન છે જ્યાં બાળકો તેમજ યુવાઓ ઘણી મોકળાશથી ખેલકૂદ કરી શકે છે. સામાજિક પ્રસંગોએ ભેગા થવા માટે ગામમાંકોમ્યુનિટી હોલ પણ બનાવવામાં આવ્યો છે. જ્યાં સ્નેહમિલન સમારોહથી માંડીને વિવિધ સામાજિક પ્રસંગો પણ સચવાય છે.

બેંકિંગ સુવિધાઓ માટે ગામમાં જ રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી/ગ્રામીણ બેંક આવેલી છે. જેથી નાણાંની લેવડદેવડ માટે માણસા સુધી લાંબા થવું પડતું નથી. તાત્કાલિક પૈસા ઉપાડવા માટે બેંક દ્વારા એટીએમની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત કૃષિ વિષયક ધિરાણ મંડળી છે જે જરૂરતમંદ ખેડૂતોને ધિરાણ કરે છે. ગામમાં ૨૫ જેટલા સખી મંડળો છે. જેમાં તમામ મહિલાઓ એકબીજાના સહયોગથી વિવિધ ગૃહ ઉદ્યોગ કરીને કમાણી કરી રહ્યા છે.

પંચાયત દ્વારા સરકારશ્રી દ્વારા મળતા તમામ લાભો ગામ લોકો સુધી પહોંચાડવામાં આવે છે. લોદરા ગ્રામ પંચાયતના પૂર્વ સદસ્ય જગદીશભાઇ પટેલ જણાવે છે કે, 'લોદરા ગામના લોકોને સરકાર તરફથી મળતી તમામ યોજનાઓનો અમલ કરાવવામાં આવે છે. લોકો ખૂબ સુખ શાંતિથી રહે છે. આવાસ, આરોગ્ય, શિક્ષણ, રોજગાર તમામ ક્ષેત્રે ગામનું કામ બિરદાવવા લાયક છે.'

વિશાલ દંતાણી

એમસીએક્સ પર સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં એકંદરે વૃદ્ધિ

શુક્રવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૩૦,૮૦૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૫૫,૨૫૬ કરોડનું ટર્નઓવર : ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ. ૧૧૩ કરોડનાં કામકાજ

ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧૧,૦૮,૧૯૫ સોદાઓમાં કુલ રૂ.૮૬,૧૬૯.૭૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૩૦૮૦૦.૪૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૫૫૨૫૬.૦૮ કરોડનો હતો.

સોમવારે સાંજે ૭ વાગ્યા સુધીમાં એમસીએક્સની વેબસાઈટ મુજબ સોનાનો વાયદો રૂ.૪૩૭ વધી રૂ.૫૭,૦૨૨ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો રૂ.૧૦ના સુધારા સાથે રૂ.૬૭,૫૮૬ બોલાઈ રહ્યો હતો. આ સામે ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૯ની વૃદ્ધિ સાથે રૂ.૬,૧૩૬ના સ્તરે પહોંચ્યો હતો.

શુક્રવારે મોડી રાત્રે પૂરા થતાં સત્રમાં કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૩,૬૨,૯૦૯ સોદાઓમાં કુલ રૂ.૨૧,૮૦૯.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૭,૮૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૦૦૦ અને નીચામાં રૂ.૫૬,૮૦૧ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૬૮ ઘટી રૂ.૫૭,૯૪૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૨૯ ઘટી રૂ.૪૫,૫૦૦ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૭૭ ઘટી રૂ.૫,૫૮૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭,૯૬૨ના ભાવે ખૂલી, રૂ.૨૩૬ વધી રૂ.૫૭,૯૪૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૭૦,૧૧૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦,૫૫૭ અને નીચામાં રૂ.૬૭,૪૦૬ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ. ૨૬૨૮ ઘટી રૂ.૬૭,૫૭૬ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ. ૨૩૬૧ ઘટી રૂ.૬૭,૭૬૨ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨,૩૬૧ ઘટી રૂ.૬૭,૭૪૭ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૯,૭૭૫ સોદાઓમાં રૂ.૩,૪૦૯.૬૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૯૦ ઘટી રૂ.૨૨૩.૩૦ અને જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૯.૩૫ ઘટી રૂ.૨૮૫ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫.૨૫ ઘટી રૂ.૭૭૧.૪૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૧,૦૫,૪૩૪ સોદાઓમાં કુલ રૂ.૫,૫૭૭.૦૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૨૫૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૪૧૮ અને નીચામાં રૂ.૬,૦૭૫ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૨૨૦ ઘટી રૂ.૬,૦૯૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૧૦ ઘટી રૂ.૨૦૧.૩૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૮ સોદાઓમાં રૂ.૩.૭૮ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦.૯૦ ઘટી રૂ.૧૦૧૪.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૮,૦૬૬.૯૪ કરોડનાં ૧૪,૧૧૩.૨૦૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧૩,૭૪૩.૦૨ કરોડનાં ૧,૯૯૧.૫૯૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૩,૫૧૬.૧૬ કરોડનાં ૫૬,૨૬,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨,૦૬૧ કરોડનાં ૧૦૦૯૩૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩.૭૮ કરોડનાં ૩૭.૦૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ બંને સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૩૬૬.૭૮૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૦૧.૧૯૧ ટન, ક્રૂડ તેલમાં ૧૧૦૯૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૯૬૫૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૩૩.૪૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No. : 0034
વિષય : પાસા
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૩૧૬
શીર્ષક : કભી ધૂપ, કભી છાંવ

"ઉપરવાલા પાસા ફેંકે નીચે ચલતે દાવ,
કભી ધૂપ તો કભી છાંવ."

ખરેખર, આપણાં જીવનનાં પાસા જગદીશનાં હાથમાં છે. આપણે તો હરિના પ્યાદા માત્ર છીએ. જીવનની શતરંજમાં દરેક પ્યાદાનો અલગ અર્થ હોય છે. ક્યારેક ઊંટની જેમ, ક્યારેક હાથીની જેમ તો ક્યારેક ઘોડાની જેમ ચાલવું પડે છે. એ દરેક ચાલમાં કર્મોનો હિસાબ થતો રહે છે. જીવનમાં ક્યારેક સુખરૂપી છાંયડો તો ક્યારેક દુઃખરૂપી તડકો પણ હોય છે. આપણે કઈ રીતે એનો સામનો કરીએ છીએ એ મહત્વનું છે. જીવનમાં દરેક દિવસો એકસરખાં નથી રહેતાં. અવળાં પાસા હોય ત્યારે નાથિયો અને સવળાં પાસા હોય ત્યારે નાથાલાલ કહેવામાં આવે છે.

અવળાં-સવળાં પાસા અવગણીને આપણે ફક્ત સારાં કર્મો કરવા જોઈએ જેથી આવન-જાવનનાં ચક્રમાંથી છુટકારો મળે.

પાસા એટલે કે રમતમાં મહત્વનો અંગ. જેમ કર્મ એટલે મનુષ્યનાં જીવનનું મહત્વનું પરિબળ. આપણને ક્યારેક એવું લાગે કે આપણે જીતી રહ્યા છીએ અને લક્ષ્યથી ખૂબ નજીક છીએ ત્યારે જ નવ્વાણું નંબરનો સાપ કરડે અને આપણે સીધાં જ નીચે. ત્યારબાદ ફરીથી રમત રમવાની. જો ફરીથી સરખાં પાસા પડે તો સારું નહીંતર પાછું એ જ ચક્ર ચાલુ.

સાપસીડીનાં આ સર્પો એટલે કે ક્રોધ, અહંકાર, લાલચ, દંભ... આપણને ડંખે નહીં તો આપણે નિર્વિઘ્ને મંજિલે પહોંચી જઈએ. પરંતુ પામર મનુષ્ય હંમેશાં મોહમાયામાં અટવાયેલો રહે છે અને આ રમત સતત ચાલુ જ રહે છે! જેમ માળામાં મેર પછી મણકો આવે પછીયે માળા સતત ફરતી રહે છે અને આ ચક્ર પણ! જીવનમાં પણ આ ઘટનાક્રમ ચાલતો રહે છે.

પાસા શબ્દ આવે એટલે તરત મહાભારત યાદ આવે. બધો ખેલ પાસાનો જ હતો ને! મહાભારતમાં શકુનીના પાસા એક મહત્વનું પરિબળ રહ્યાં. શકુનીના પાસા એનું કહ્યું માનતા. એ જેટલાં દાણા ઈચ્છતો એટલાં દાણા જ પડતાં. ધૃતક્રીડામાં કાયમ કૌરવો એટલે કે શકુનિની જ જીત થતી અને પાંડવોની હાર. એમાં શકુનીના પાસાઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. મહાભારત હોય કે જીવનની રામાયણ પાસા સવળાં પડે તો ન્યાલ થઈ જવાય!

ટહૂકો :

સૃષ્ટિની દરેક વસ્તુને પોતાનો લય છે. મનુષ્ય કુદરતનાં લય સાથે પોતાનો લય સાધે તો એનું જીવન વધારે સુંદર બની રહે!

--ડૉ. રેખા શાહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS:NO 136
વિષય :પાસા
પ્રકાર :પદ્ય મૌલીક રચના
શબ્દો :૪૦
શીર્ષક :પાસા

પાસા
પાસા સદાય ફેંકતા રહો,
તમારી ચાલ ચાલતા રહો.
જુઠાને સચ માનતા રહો,
હૃદયને દુઃખ આપતાં રહો.
સત્યને હરાવતા સદાય રહો,
લોકોમાં ઈજ્જત વધારતા રહો.
ઈશ્વરની નજરમાં બુરા બનતા રહો,
પાપના પોટલાં બાંધતા રહો.
સંજોગોને સાથ આપતા રહો,
જીવનનૈયા હંકારતા રહો.
હિમાંશી પંડિત નિર્મોહી
વીરપુર મહીસાગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG .SS.NO. 22
વિષય - પાસા
પ્રકાર - ગદ્ય
શબ્દો - ૩૨૨
શીર્ષક - પરીક્ષા

દુંદાળા દેવ જેવું પેટ ધરાવતાં મીઠાલાલે પોતાના દીકરા કુંદન તરફ જોયું અને કહ્યું, "એ હું કંઈ ન જાણું, તારે સરકારી નોકરી માટે જ પ્રયત્ન કરવાનો. પ્રાઈવેટ નોકરીમાં શોષાવાનું જ આવે. કોરોનાએ દેખાડી દીધું કે સરકારી નોકરીઓમાં હશો તો જ શ્રેષ્ઠ છો. કોઈ પગાર કપાત નહીં ને કોઈ જાતની રોકટોક નહીં."

સાવ એકવડો બાંધો ધરાવતા કુંદને કહ્યું, "મને બધી જ ખબર છે, પણ તમે જાણો છો સરકારી નોકરી મેળવવા કેટલી મહેનત કરવી પડે છે! એક પદની ભરતી સામે હજાર ઉમેદવાર હોય છે. પરીક્ષા હોય છે અને કારકુનના પદ માટે પણ લાખો રૂપિયા આપવાના થાય."

મીઠાલાલ મલક્યા અને કહ્યું, "મેં રસ્તો શોધી લીધો છે. તું જે પણ ફોર્મ ભરે તેની પરીક્ષા ક્યારે છે તે જણાવી દેજે, હું તને પેપર લાવી દઈશ. સારા માર્ક્સ હશે તો બધું સમુંસૂતરું પાર પડી જશે."

કુંદને નિરાશામાં માથું ધુણાવ્યું. તે ભ્રષ્ટાચારનો હંમેશાં વિરોધી રહ્યો હતો. તે હજી બી. એ. ના બીજા વર્ષમાં ભણી રહ્યો હતો. તે આગળ જઈને સ્નાતકોત્તર પરીક્ષાઓ આપીને અધિકારી બનીને સીસ્ટમમાં આવી ગયેલ સડો સુધારવા માગતો હતો. તેના પિતા પ્રાઈવેટ નોકરીમાં હતા, પણ તેમણે સરકારી તંત્રમાં અનેક મિત્રો બનાવી લીધા હતા.

મીઠાલાલના આગ્રહ ઉપર તેણે કારકુનના પદની ભરતી માટેનું ફોર્મ ભર્યું અને જેવી પરીક્ષાની જાહેરાત થઈ, તેણે મીઠાલાલને જણાવી દીધું. પરીક્ષાના બે દિવસ પહેલાં પેપર તેના હાથમાં આવી ગયું. પોતાની મીઠી વાતો દ્વારા કુંદને પિતા પાસેથી જાણી લીધું કે પેપર કોની પાસેથી મેળવ્યું છે. પરીક્ષાના આગલા દિવસે તે કલેક્ટર ઓફિસમાં ગયો અને તેમને મળીને પેપર ફુટ્યાની જાણકારી આપી.

કલેક્ટરે તેને શાબાશી આપી અને જાતે વધુ તપાસ કરવાની ખાતરી આપીને કુંદનને રવાના કર્યો.

પરીક્ષાના આગલે દિવસે સાંજે પેપરલીકને લીધે પરીક્ષા રદ થયાની જાણકારી ટીવી દ્વારા આપવામાં આવી.

સમાચાર જોઈને મીઠાલાલને પરસેવો વળી ગયો. તેમણે કુંદનને કહ્યું, "બહુ મહેનતથી દાવ ગોઠવ્યો હતો, ન જાણે કેમ મારાં પાસાં અવળાં પડ્યાં. એક પેપર માટે પચ્ચીસ હજાર આપ્યા હતા."

કુંદને કહ્યું, "આ દાવ મેં ઉંધો વાળ્યો છે. ભ્રષ્ટાચાર આચરીને આવતા સરકારી નોકરો અંતે વધુ ભ્રષ્ટાચાર કરે છે અને આપણાં જેવા સામાન્ય લોકોનું લાખોનું નુકસાન કરે છે. હું મારી કાબેલિયતથી સરકારી નોકરી મેળવીશ."

જ્યોતિન્દ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: NOG SS No. - 130
વિષય - પાસા
પ્રકાર - ગદ્ય
શબ્દો - ૩૪૯
શીર્ષક - સમયની ગતિ

વિમલશેઠને હંમેશા પોતાના લીધેલા દરેક નિર્ણયો માટે ખૂબ ગર્વ રહેતો હતો અને ઘણી વખત તેઓ એવું કહેતા પણ ખરા કે જોયું મારો લીધેલો નિર્ણય ક્યારેય ખોટો હોય જ નહિ. વિમલશેઠના પત્ની તેમને ઘણી વખત સમજાવતા કે ક્યારેય પોતાના પર આટલું બધુ અભિમાન કરવું જોઈએ નહિ અને સમય સાથે ઘણું બધુ બદલાઈ જાય છે પરંતુ વિમલશેઠ પત્નીની વાતને કાયમ હસવામાં કાઢી દેતા.

વિમલશેઠને સંતાનમાં એક જ દીકરી હોવાને કારણે તેનો ખૂબ લાડ-કોડથી ઉછેર કર્યો હતો. તેઓ હંમેશા ઈચ્છતા કે પોતાની દીકરીને જે કંઈ પણ મળે તે શ્રેષ્ઠ જ મળે. નીલિમાની લગ્નલાયક ઉંમર થતાં વિમલશેઠે ખૂબ સારા કુટુંબના લગ્નલાયક યુવકો જોવાનું ચાલુ કર્યું. વિમલશેઠે બતાવેલા યુવકોમાંથી નીલિમાએ કોઈના પર પણ પસંદગીનો કળશ ઢોળ્યો નહિ પરંતુ તે પોતે અણમોલને પસંદ કરે છે અને ઘરનાં લોકો પણ તે યુવકને મળે તેવી ઈચ્છા વ્યક્ત કરી. વિમલશેઠે દીકરીની ઈચ્છાને વધાવી લીધી અને તે યુવકને મળવા રાજી થઈ ગયા. વિમલશેઠ જ્યારે અણમોલને મળવા તેના ઘરે ગયા તો તેમને ખ્યાલ આવ્યો કે તેમના સામાજિક દરજ્જાની સરખામણીએ યુવકનું કુટુંબ અને ઘર ખૂબ સામાન્ય છે તેથી તેમણે ઘરે આવીને નીલિમાને સમજાવવાની કોશિશ કરી કે નીલિમા તે અણમોલના ઘરમાં કોઈ સુખ-સાહ્યબી મેળવી શકશે નહિ અને અણમોલ ગમે તેટલી પણ કોશિશ કરે તો પણ નીલિમાની રહેણી-કરણી પ્રમાણે તેને સાચવી શકશે નહિ. નીલિમાએ વિમલશેઠને સમજાવવા માટે ખૂબ પ્રયત્નો કર્યા જેમકે અણમોલ ખૂબ જ હોંશિયાર છે, ભવિષ્યમાં ખૂબ આગળ આવશે અને તેને ક્યારેય દુઃખી નહિ કરે પરંતુ વિમલશેઠ માન્યા નહિ. નીલિમાના લગ્ન વિમલશેઠ કરતાં પણ વધારે શ્રીમંત કુટુંબમાં કરવામાં આવ્યાં.

નીલિમાના પતિનો પરિવાર ખૂબ જ શ્રીમંત હતો પરંતુ તેના પતિ આરવને સિગારેટ-દારૂનું વ્યસન હતું. નીલિમા આરવને ખૂબ સમજાવતી પરંતુ આરવ વ્યસન છોડી શકતો નહિ. આરવની તબિયત અચાનક બગડવા લાગી અને નાદુરસ્ત તબિયતને લીધે તે પોતાના બિઝનેસ પર પૂરતું ધ્યાન આપી શક્યો નહિ અને તેના પરિણામ સ્વરૂપે ધીમે ધીમે બિઝનેસ પડી ભાંગ્યો અને આરવને નોકરી કરવાની નોબત આવી ચડી પરંતુ તેને ક્યાંય પણ નોકરી મળતી નહોતી. આખરે એક દિવસ તેને નોકરી મળી ગઈ અને નીલિમા તથા વિમલશેઠને જ્યારે ખબર પડી કે નોકરી આપનાર શેઠ બીજું કોઈ નહિ પણ અણમોલ છે જે હાલ ખૂબ મોટી કંપનીનો માલિક છે ત્યારે વિમલશેઠને પહેલી વખત લાગ્યું કે તેમના નિર્ણયનું પાસું ઊંધું પડ્યું અને સમય બધું બદલી શકે છે.

જાનકી સોની

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 001
પ્રકારઃ ગદ્ય
વિષય : પાસા
શિર્ષક : સંબંધોના પાસા

જીવન પણ એક પાસા જેવું જ છે. જ્યાં સુધી પાસાને ફેંકીએ નહીં ત્યાં સુધી કયો નંબર આવશે તેની ખબર જ નથી હોતી. તેવી જ રીતે જો જીવનમાં આગળ ડગલા ના ભરીએ તો આગળ કયો રસ્તો આવશે તેની ખબર પડતી જ નથી. રમતગમતના પાસામાં ક્યારેય શૂન્ય આવતું નથી. એવી રીતે જીવનમાં પણ ક્યારેય શૂન્યનું સ્થાન આવતું નથી.

રમતના પાસામાં એક થી છ નંબર આપેલા હોય છે એવી જ રીતે જીવનના પાસામાં પણ છ નંબર હોય છે. એ છ નંબર છે સંબંધોના પાસા.(૧) સિંગલ (૨) રિલેશનશિપ (૩) મિત્રોનું જૂથ (૪) કુટુંબ (૫) નોકરી કે કામ ધંધા ના સભ્યો સાથેનો સંબંધ (૬) આપણી આસપાસના વનસ્પતિ અને પ્રાણી સાથેનો સંબંધ. આમ દરેક વ્યક્તિ જીવનમાં આ છ પાસા સાથે જોડાયેલી હોય છે.

ઈશ્વર પાસા રમે છે પરંતુ તે ક્યારેક પાસા ફેંકે પણ છે અને ઈશ્વર પર જો અતૂટ શ્રદ્ધા હોય તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ અડગ રીતે ઉભો રહેનાર માનવી જીવનની બાજી પલટી પણ નાખે છે. એ પણ ઈશ્વર કૃપાથી જ. જીવનરૂપી રમતને ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખી અને પોતાની કુશળતા ઉપર વિશ્વાસ રાખી હારી ગયેલી રમતને સફળ બનાવવા ફરી રમવી જોઈએ.

કહેવાય છે કે આ સંસારમાં તો નટની જેમ દોરી પર ચાલવાનું હોય છે. "સામે છેડે પહોંચાય કે ન પણ પહોંચાય." આજ જીવનની ચોપાટ છે અને એના પાસા ઈશ્વરના હાથમાં છે. કુદરતનો નિયમ છે બધું બધાને નથી મળતું એટલે જ એક ફિલ્મની ગીતની કડી યાદ આવી,

"કભી કિસી કો મુક્કમલ જહાં નહીં મિલતા... કહીં ઝમીં તો કહીં આસમાં નહીં મિલતા..."

જો આપણી નીતિ સાચી હશે તો ઈશ્વર પણ આપણું કામ અટકાવશે નહીં. સંબંધોના પાસામાં પણ જો અવળા જ પાસા પડતા રહે તો સમજવું કે ઈશ્વર આપેલા દુઃખને સહન કરવા માટે આપણી આંતરિક શક્તિઓને જગાડીને આપણું આત્મબળ મજબૂત બનાવી જાય છે.

માટે જ જીવનમાં ગમે તેટલા અવળા પાસા પડતા રહે પણ ધીરજપૂર્વક રાહ જોવાથી વિપરીત સંજોગો સામે લડીને પણ સંબંધોની સાથે જોડાયેલા જીવનને ટકાવી રાખવાનું બળ ઈશ્વર આપી જ દે છે.

"કભી સુખ , કભી દુઃખ , યહી જિંદગી હૈ,
યે પતઝડ કા મૌસમ ,ઘડી દો ઘડી હૈ..."

બસ આ કડી પ્રમાણે જ કુદરતે ફેંકેલા સંબંધોને જાળવવાના પાસાને પડકાર સમજીને જીવી લઈએ એ જ સાચો સંબંધ જાણી અને માણી શકશે.

સંચાલક : પ્રદીપ રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOGSS NO- 0088
★*વિષય-*★ *જીવનનાં સામાજિક, રાજકીય દરેક ક્ષેત્રે પાસાં*
★*પ્રકાર-*★ *પદ્ય*
★*શીર્ષક-*★ *ગેબી પાસાં*

મસળાતું હાથમાં ત્યારે ચઢે પાનો ને હું સજીવન થાતું..
મને પ્રિય ખટખટ ખટાખટ વિરોધી ઘર્ષણ પરસ્પરનું..
પછદાઉં હું ને પાડું અન્યને સટાક દઈ ધોબી પછદાટે ..
ઊઠે! અટ્ટહાસ્યનો ગેબી સૂર અફળાય જ્યાં દિવાલે..
હારની બેઈજ્જતીથી શર્મશારને જોઈ રહું ગેલમાં..
પડે રેડ! મચે અફડાતફડી ને પકડાય તે પડે જેલમાં..
ના હો; રહું ખ્યાદું હું માનવ તણું, મારે ક્યાં બુદ્ધિ?
ચોપાટ પાથરે, મારે સોગઠાં દ્યુતમાં ના હોય શુદ્ધિ!
રાજકારણ, રણ, યુદ્ધ કે જર અને સેવાય જ્યાં જોરુ!
મને સેવે ત્યાં ક્યાંય સંપ રહે નહિ સૌ કજીયાનાં છોરું!
જીવતરનાં દરેક મુકામ આ પાસાં જેમ બદલાય છે..
પડતાં રહે અવળા સવળા એવાં ગતિચક્રે જીવાય છે!
'ડૉ. મનીષા વ્યાસ '
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO - 0050
વિષય - પાસા
પ્રકાર - પદ્ય મૌલિક
શબ્દ -
શીર્ષક - જીવનનાં પાસાં
તા - ૬ /૨/૨૦૨૩.

..... કોઈ નથી જોતું આજ મને તો...!

ચાલને ચોર થઈ કરી લઉં ચોરી...!
ને પાપનાં પોટલાં ભરતું મનડું..!
દારૂ પી મસ્તી કરતો ને ,
જાણે મનની મસ્તી નહીં માનસિકતા દૂર કરવાં...!
અનેક કરે અત્યાચાર જાણે ઓછી બુદ્ધિવાળા...!
અત્યાચાર આચાર તો કપટી બની...!
જ્યારે બદલાશે પાસાં જિંદગીનાં...!
ત્યારે કોઈ નહીં આવે મદદે...!
મહેનત વગરનું જીવન જીવવા માંગે...!
ને લોકોને અનેક રીતે છેતરતો
માનવ...!
ઘેર ઘેર ભીખ માંગતો...!
દીન બની નગ્ન થાતો દરેક પાસે...!
કર્મ કરો ના રાખો ફળની ઈચ્છા...!
ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાં...!
કર્મ થકી જાય બળી પાપ સર્વ...!
ક્યારે બદલાય નસીબનું પાસું...!
રંકમાંથી રાજા થવાય...!
વિભૂતિ પવિત્ર રાખ આપણી...!
આધ્યાત્મકતા ની શોધ કરનાર વ્યક્તિ...!
તેનાં જીવનનાં પાસા મહત્વપૂર્ણ માને...!
માટે જ તો જીવનનાં બધાં અનેક રંગી પાસાં હોય છે...!
રાગીની શુક્લ "રાગ"
મુંબઈ, કાંદિવલી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 117
વિષયઃ પાસા
પ્રકાર : ગદ્ય
શીર્ષક : લૂડો

" મમ્મી, ચાલને પ્લીઝ...મારી સાથે લૂડો રમવા. દાદીએ પણ રમવાની ના પાડી. તુ તો ચલ. પ્લીઝ આવને..." નાનકડો આરવ તેની મમ્મીને કહી રહ્યો હતો.

"ના બેટા..અત્યારે નહિ. આપણે પછી રમીશું."

"પણ મને શીખવું છે. તુ અત્યારે જ શિખવાડ અને મારી સાથે રમ. પછી કામ કરજે." આરવ હવે ઝિદે ચડતો હતો; ત્યાં જ એના દાદીએ એની મમ્મીને કહ્યું,

"પ્રિયા, કેમ હેરાન કરે છે એને? થોડીવાર રમીલે ને. એટલે શાંત થાય."

બંને મા-દીકરો લૂડો રમવા બેઠા. ગેમ શરૂ કરવા પાસા ઉપર ૬ આવવું જરૂરી છે. આરવ ૬ લઈ આવવા ખુબ મહેનત કરતો હતો. જ્યારે તેની મમ્મીને શરૂઆતમાં જ ૬ આવી ગયા. એટલે એની ગેમ શરૂ થઈ ગઈ. આરવ છેલ્લે અકળાઈ ગયો ને બોલ્યો,

"યાર, મારે નથી રમવું. ૬ આવતું જ નથી. મને આ પાસો બદલવો છે. મમ્મી, તુ આગળ નીકળી ગઈ અને હું હજી ત્યાં ને ત્યાં જ છું. આ ગેમમાં તો તું જ વિનર બનવાની છે. મારે નથી રમવું." ને ઉભો થઈને પોતાની રૂમમાં ચાલ્યો ગયો.

આમ નાના બાળકને કાલી ઘેલી ભાષામાં ગુસ્સા થતાં એની મમ્મી હસી પડી. ને જેમ હતી તેમ જ ગેમ રાખીને આરવ પાસે ગઈ ને તેની માથે હાથ ફેરવતા તેને સમજાવતી બોલી,

"બેટા,આમ આટલી નાની વાત માટે રિસાઈ ના જવાનું હોઈ. આ તો ફક્ત ગેમ છે. તારે તો જીવનમાં આવી ઘણી ગેમ રમવાની છે. એમ હારી ના જવાય. ઘણી વખત એવું થશે કે, આપણને જે પાસું જોઈએ એ ના મળે પણ, એના માટે આમ રિસાઈને ગેમ મુકીને જતું ના રહેવાય. એવું પણ બને કે, તને ગમતું પાસું થોડું મોડું પડે પણ કદાચ એ તારાથી આગળ વધનારાને ડાયરેક્ટ કટ કરી નાંખે. તુ ચલ આપણી ગેમ અધૂરી છે રમવાનું છે. જોઈએ શું થાય છે. ચાલ ચાલ ઉભો થા..." આરવ માની ગયો. બંને ફરી રમવા બેઠા. ફરી મહેનત કરી પણ, આરવના ૬ આવ્યા જ નહિ. તેની મમ્મીની કુકરી આખું ફરીને છેક આરવના ઘર સુધી પહોંચી ને બે ખાના આગળ ચાલી. ત્યાં જ આરવને ૬ આવ્યા. તેની ગેમ શરૂ થઈ. હવે તેની મમ્મી આગળ હતી ને આરવ એની પાછળ પાછળ. બે ત્રણ વખતમાં જ તેની મમ્મીની કુકરીને કટ કરીને આરવ આગળ નીકળ્યો. તે તો એકદમ ખુશ થઈ ગયો. ને એની મમ્મીને સમજાવવા માટે થેનક્યું કહેવા લાગ્યો.

- મેઘના કામદાર (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG.SS.No.0098
વિષયઃ- પાસા
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- રેસ

મિત્રો સાંસારિક ,રાજનેતિક , ક્રિડા ,(રમત-ગમત) આધ્યાત્મિક, શૈક્ષણિક કોઈપણ ક્ષેત્રે પાસા નો મહત્વ છે.

રમતની દુનિયામાં મા ક્રિકેટ ,શતરંજ રેસ ,હોકી કોઈપણ રમત હોય તો આ રમતની દુનિયામાં પાસાનો મહત્વ દેખાય છે જ્યારે આપણે ટીવીમાં ક્રિકેટ ટુર્નામેન્ટ જોઈએ તો કેટલીક વખત એવું પણ બનાવ બને છે હારેલી બાજી પણ પાસા પલટે તો જીતમાં બદલાઈ જાય છે.

હમણાં થોડા દિવસ પહેલા જેસલમેર "હોર્સ રેસ " ૨૦૨૩(રાજસ્થાન) માં હતી. 300 km ની રેસમાં યુ.પી.ના ગૌસખાન નો ઘોડો મંગલ અને ઘુડ સવાર ગોલુ રૂપસિંગ રાઠોડ નો ઘોડો બાજ અને ઘુડ સવાર હસન જીપ્સી અને અમદાવાદ નો ઘોડો હતો એ રેસમાં મંગલ અને બાજમાં કાંટાની ટક્કર હતી .પાસો પલટાયો ને

યુપીના ગૌસ ખાન ના ઘોડો મંગલ એ જેસલમેર હોર્સ રેસ માં જીતીને ઈતિહાસ રચ્યો.

લીના શર્મા....
હાલોલ...

સ્વ. શ્રી વિજયભાઈ ભટ્ટને મારી હૃદયપૂર્વક સ્મરણાંજલી સાથે શ્રદ્ધાંજલી

'સાહિત્યની અખૂટ શક્તિનાં સ્રોત , અનેક ચડતી પડતીની થપાટોની લહેરોથી વિચલીત થયા વગર , ભયભીત થયા વગર અખૂટ ઉર્જાને પોતાનામાં સમાવીને ના કદી કોઈ મર્યાદાને તોડી છે કે ના વાહવાહીની કે મોટાની તમન્ના કરી છે.' એવા મારા ભાવનગરનાં જ એક સાહિત્યના રત્ન સમાન,વિજયભાઈની અણધારી વિદાય મારા માટે બહુ જ મોટો આઘાત છે.મારા ભાઈ સમાન વિજયભાઈની સાથે મારે પારિવારિક સંબંધ છે. હમણાં જ થોડા સમય પહેલા જ મારા મમ્મી પપ્પાને ત્યાં જમવા અને મળવા માટે આવ્યા હતા. મને એમણે બહેન કહીને જન્માષ્ટમી પર એમના ઘરે જમવા બોલાવી હતી.મારી લેખમાળાને એમણે પોતાનો સ્વર આપીને ગ્રૂપ માં મૂકેલી છે તો વળી એનું સુંદર પુસ્તક બનાવીને બહાર પ્રકાશિત કરવા માટે એમણે પોતે જવાબદારી લીધી હતી. એમણે એની માટે હું અમદાવાદ જાઉં ત્યારે સાથે રહીને એ કામ કરીશુ એવું કીધું હતું. એ કામ મારી વ્યસ્તતાને લીધે ના થઈ શક્યું એનો અફસોસ મને હંમેશા રહેશે.છેલ્લે હમણાં જ મારા મમ્મીની તબિયત ખૂબજ ખરાબ હતી ને આઈ.સી.યુ.મા રાખવા પડ્યા હતા ત્યારે પણ રોજ ફોનથી એમની ખબર પુછતા હતા અને મમ્મીની સાથે વાત કરીને હિંમત આપતાં હતાં. મમ્મીએ મળવાની ઈચ્છા વ્યક્ત કરી તો આવવાનો વાયદો કરીને એમને હિંમત આપી હતી.આમ વિજયભાઈ માત્ર સાહિત્ય જગતથી જ મારી સાથે જોડાયેલા નહોતા પણ એક પરિવાર તરીકે એમની સાથે હું અને મારો પરિવાર જોડાયેલો છે. એમના જવાથી મને તો એક ભાઈની ના પુરી શકાય એવી ખોટ પડી છે.

બસ હવે તો એમના,અને મારા ઘરે બેસીને સાથે કરેલી ઘણી બધી વાતોને સ્મરણમાં રાખીને વાગોળીને યાદ કર્યા કરવાની રહી.

ઈશ્વર એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના

દીપિકા ચાવડા 'તાપસી'

ગુજરાતી મેળા ના સ્થાપક અને ૧૩ જેટલા સાહિત્ય ના ગ્રુપ સંભાળતા,સંચાલન કરતા, ઉપરાંત દ્વારકેશ રેડિયો નામે સ્વ સ્વર માં રચનાઓ સંવાદ કરતા સ્વ.મોર્ડન ભટ્ટ નું એકાએક હાર્ટ એટેક ના હુમલામાં નિધન થતાં સાહિત્ય જગત ના લોકો વચ્ચે તેમને અણધારી વિદાય ક્ષક્ષક્ષે અમ્ સૌ માટે એક હાચકા સમાન સમાચાર છે..ભગવાન તેમના આત્માને શાંતિ આપે તેમજ પરિવાર ઉપર આવી પડેલ આઘાત પરિવાર જાનો ને સહન કરવાની શક્તિ આપે તેવી એમ સૌ પ્રાર્થના કરીએ છીએ. ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ એડમીન ટીમ, સંચાલક : પ્રદીપ રાવલ

સાહિત્ય સંગીતનું વિશ્વ.અમેરિકા (આયોજક કૌશિક શાહ.રાજુલ શાહ તેમજ તમામ સભ્યો)

સચ્ચાઈથી ભરેલું જીવન કેવી રીતે જીવીએ? -સંત રાજીન્દર સિંહજી મહારાજ



આ દુનિયામાં આવેલા બધા સંત મહાત્માઓએ આપણને એક સચ્ચાઈથી ભરેલા જીવન વ્યતીત કરવાની શિક્ષા આપી છે કેમ કે સચ્ચાઈ દ્વારા આપણું અંતઃકરણ સાફ થાય છે જેનાથી આપણે પોતાની નિષ્ફળતા પ્રત્યે પણ ઈમાનદાર થઈએ છીએ. આપણે પોતાની ભૂલોને બીજાઓથી છુપાવી શકીએ છીએ પરંતુ પોતાની જાતથી નહીં. પોતાની કમજોરી ને નજર અંદાજ કરવુ અથવા પોતાની ભૂલો માટે મનને ખોટા વિચારો થી સંતુષ્ટ કરવું આપણને કોઈ પણ પ્રકારની મદદગાર સાબિત થશે નહીં.

આપણે બીજાઓથી તો આપણું સત્ય છુપાવી લઈએ છીએ પરંતુ પ્રભુ આપણને દરેક ક્ષણે, દરેક પળે જોઈ રહ્યા છે. આપણે આપણી સચ્ચાઈ પિતા પરમેશ્વર થી છુપાવી શકતા નથી. જો આપણે પ્રભુની સત્તા સાથે જોડાવા માંગે છીએ તો તેના માટે આપણે પોતાના દોષ અટકાવવા પડશે એટલે કે પોતાના જીવનને નેક અને સદાચારી બનાવવું પડશે.

પરમાત્મા આપણને એ યોગ્ય બનાવે છે કે આપણે એમના ખોળામાં બેસી શકીએ. આપણે બાહ્ય રુપથી પોતાના દોષ છુપાવી શકીએ છીએ પરંતુ પ્રભુને આપણી રૂહાની લગન મા દિલ ચશ્પી હોય છે.

પ્રભુ દરેક સમય આપણા તે દાગ ધબ્બાઓ ને હટાવવામાં મદદગાર હોય છે જે આપણને આ ભૌતિક શરીર થી પર ઉઠવાના સમયે બાધા ઉત્પન્ન કરે છે. પ્રભુને આપણા બાહ્ય દેખાવટી ચરિત્રથી કોઈ મતલબ હોતો નથી. આપણે દેખાવાના સંદર્ભમાં પોતાની ઉપલબ્ધિ પર અભિમાન કરીએ છીએ પરંતુ પ્રભુ આપણને એનાથી પણ આગળ દેખે છે.

તેઓ આપણી અસલિયત ને જાણે છે તેમનો મતલબ ફક્ત આપણી તે ખામીઓને દૂર કરવામાં મદદરૂપ થવાનો છે જે આપણી રૂહાની મંઝિલના રસ્તામાં બાધા ઉત્પન્ન કરે છે.

આવો આપણે આપણા જીવનમાં સચ્ચાઈ અને ઈમાનદારી ના ગુણોને ઢાળીએ. આપણે આપણી લેવડદેવડમાં ઈમાનદાર રહેવું જોઈએ તથા સાથે જ સાથે આપણે ધોખા ધડિ અને દેખાવોના ચુંન્ગલથી પણ બચવું જોઈએ. જેના માટે આપણે આપણી આજીવિકા બહુ જ ઈમાનદારીથી કમાવવી પડશે. આપણે પોતાની જાત પ્રત્યે પણ ઈમાનદાર રહેવું પડશે જેથી કરીને આપણે પોતાની જાતમાં બદલાવ લાવી શકીએ.

જો આપણે આપણી અંદર સચ્ચાઈના ગુણોને ઢાળી શું તો આપણે જોઈશું કે આપણે રૂહાની પથ પર બહુ જ ગતિથી આગળ વધવાનું શરૂ કરી દઈશું અને પોતાની મંઝિલ પર બહુ જ જલ્દી પહોંચી જઈશું.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આસ્થા અને શ્રદ્ધાના કેન્દ્ર અંબાજી ખાતે

તા. ૧૨થી૧૬ ફેબ્રુઆરી દરમ્યાન શ્રીપ૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ યોજાશે

ગાંધીનગર જિલ્લાના માઇભક્તો સરળતાથી મહોત્સવમાં સહભાગી બની શકે તેના સુચારું આયોજન અર્થે જિલ્લા વહીવટી તંત્રની બેઠક યોજાઇ

ગાંધીનગરઃ સોમવારઃ

ગુજરાતમાં ગિરનારની લીલીપરિક્રમા દરવર્ષે યોજાય છે. તે મુજબ શક્તિપીઠ અંબાજી ખાતે પણ પ૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવની પરંપરાનું સર્જન થાય તે માટે સરકાર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે. પાંચ દિવસીય શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ અંતર્ગત તમામ દિવસે શક્તિપીઠના સંકુલોમાં શક્તિ યાગ (યજ્ઞ), ભજન મંડળીઓ દ્વારા ભજન સત્સંગ, ગબ્બર તળેટી ખાતેનામાંકિત કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, દરરોજ સાંજ ૭.૦૦ કલાકે ગબ્બર ટોચ તેમજ પરિક્રમાના તમામ મંદિરોમાં એક સાથે આરતી અને લાઇટ એન્ડ સાઉન્ડ શો કાર્યક્રમો અંબાજી ખાતે યોજાશે. તેની સાથે તા. ૧૨મી ફેબ્રુઆરીના રોજ મૂર્તિઓની પ્રક્ષાલન વિધિ, શોભાયાત્રા, શક્તિપીઠના મંદિરોમાં જયોત અર્પણઅને માતાજીની મુર્તિનો મહા અભિષેકનો કાર્યક્રમ યોજાશે. તા.૧૩મી ફેબ્રુઆરીના રોજ દરેક શક્તિપીઠના મંદિર ખાતે ધજા અર્પણ કાર્યક્રમ, આનંદ ગરબા અખંડ ધુન, માતાજીની પાદુકા યાત્રા, તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ શ્રી પ૧ શક્તિપીઠ દર્શન પરિક્રમામાં ચામર યાત્રા તથા ગબ્બર ટોચ ખાતે રાત્રે ૧૨.૦૦ કલાકે મહાઆરતી યોજાશે. તા. ૧૫મી ફેબ્રુઆરીના રોજ શ્રી પ૧ શક્તિપીઠ દર્શન પરિક્રમામાં પાલખી યાત્રા અને તા. ૧૬મી ફેબ્રુઆરીના રોજ આનંદ ગરબા અખંડ ધુન પુર્ણાહુતિ તેમજ પાલખી યાત્રા તથા પરિક્રમા ઉત્સવના દાતાશ્રીઓ, યજ્ઞના યજમાનશ્રીઓ, બ્રાહ્મણો વગેરેનો સન્માન કાર્યક્રમ યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદૂ હસ્તે વર્ષ ૨૦૦૮માં ગબ્બર પર્વતના પરિક્રમા માર્ગમાં પ૧ શક્તિપીઠ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. વર્ષ- ૨૦૧૪માં આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગત વર્ષે પ્રથમવાર પ૧ શક્તિપીઠ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહોત્સવ દરમ્યાન ૧.૫૦ લાખથી વધુ માઇ ભક્તોએ પરિક્રમા મહોત્સવમાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમજ ગત વર્ષમાં ૨૬ લાખથી વધુ યાત્રાળુએ ગબ્બર શક્તિપીઠના દર્શન કર્યા છે. લગભગ ૬ લાખ જેટલા યાત્રાળુઓએ પ૧ શક્તિપીઠની પરિક્રમા કરી ધન્યતા અનુભવી છે. આ વર્ષે તા. ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી દરમ્યાન યોજાનાર આ મહોત્સવમાં ગાંધીનગર જિલ્લાના માઇ ભક્તો સરળતાથી સહભાગી થઇ શકે તે માટે જિલ્લા કલેકટર શ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રની બેઠક મળી હતી.

જેમાં તમામ તાલુકામાંથીજવા ઇચ્છતા નાગરિકો માટે ખાસ કરવા તેમજ આનુષંગિક આયોજન માટે વિચાર- વિમર્શ કરવામાં આવ્યો હતો.

વાંકાનેર શ્રી સરસ્વતી શક્તિ પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓએ કરી તાલુકા પંચાયતની મુલાકાત

તાલુકા પંચાયતની વિવિધ કચેરીમાં પ્રજા લક્ષી કામગીરી અંતર્ગત માર્ગદર્શન શિક્ષકોએ અપાવ્યું

વાંકાનેરઃ શાળાએ સંસ્કાર સાથે શબ્દોની ઓળખ આપતું સરસ્વતી નું ધામ છે જેમાં શિક્ષકો દ્વારા પોતાના વિદ્યાર્થીઓ આવતીકાલનું દેશનું ભવિષ્ય સમાન હોય જેથી રાષ્ટ્રહિત સમાજ હિત સાથે સાથે પરિવારિક સંસ્કારિક અને ભારતીય સંસ્કૃતિ પરંપરા અંતર્ગત વિવિધ કાર્યક્રમો વાર તહેવારે સરકારી શાળાઓમાં શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવતા હોય છે ત્યારે વિદ્યાર્થીઓ આજના આધુનિક યુગમાં સમયની સાથે કદમ થી કદમ મિલાવી પોતાના આત્મવિશ્વાસ વધારી પોતાની શાળાનો વિદ્યાર્થી આત્મા નિર્ભર બને તેવા હેતુસર રાજ્ય સરકાર કેન્દ્ર સરકારની કચેરીઓમાં અધિકારીઓ દ્વારા પ્રજા લક્ષી થતા કામગીરી અંગેની વિગતો માહિતીઓનો પણ અભ્યાસ શાળાના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે તેવા હેતુએ વાંકાનેર સરસ્વતી શક્તિ પ્રાથમિક શાળા જીનપરા દ્વારા તારીખ ૬ ૨ ૨૦૨૩ ના રોજ ધોરણ છ થી આઠ ના ૪૭ વિદ્યાર્થીઓની ટીમ સાથે તાલુકા પંચાયતની મુલાકાત કરી હતી જેમાં ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા લોકો માટે વિવિધ અરજીઓ જનમ મરણ ના દાખલા ક્રિમિનલ દાખલા જ્ઞાતિ ના દાખલા બાંધકામ શાખા શિક્ષણ શાખા વિગેરે શાખાઓની મુલાકાત કરાવી હતી જેથી વિદ્યાર્થીઓ આત્મા નિર્ભર સાથે સાથે આજના આધુનિક યુગમાં ટેકનોલોજી સમયને સાથે શૈક્ષણિક શબ્દની ઓળખ ની સાથે પરિવારિક સંસ્કારિક સામાજિક વિગેરે જ્ઞાન સ્વરૂપ પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓનું ભાવી આવનાર સમયમાં પ્રકાશ આપે એવી આશાઓ સાથે શ્રી સરસ્વતી શક્તિ પ્રાથમિક શાળા જીનપરા ના આચાર્ય પન્નાબેન પરમાર તેમજ શિક્ષક હેમરાજભાઈ સાગઠીયા અને આશાબેન ડાંગર સાથે હર્ષાબેન સોલંકી અને વિદ્યાર્થીઓ તાલુકા પંચાયતની મુલાકાત લેતા તસવીરમાં દ્રશ્યમાન થાય છે. તસવીર રિપોર્ટ આરીફ દિવાન મોરબી

સોળ સંસ્કારમાંનો એક સંસ્કાર એટલે કે ઉપનયન સંસ્કાર. આજરોજ તારીખ ૫. ૨. ૨૦૨૩ ના રોજ ★શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગાંધીનગર★ દ્વારા ભવ્યાતીભવ્ય સમૂહ યજ્ઞનોપવિતના કાર્યક્રમનું આયોજન સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સેક્ટર ૧૬ બ્રહ્મભવન પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. લગભગ પચાસેક બટુકોને આજે યજ્ઞોપવિત ધારણ કરાવેલ. મોટી સંખ્યામાં બ્રહ્મઅગ્રણીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. ★શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના★ પ્રમુખ શ્રી પિનાકીન રાવલ, મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી ધારિણીબેન શુક્લ અને મહામંત્રી શ્રી અનિલભાઈ શુક્લ એ વિશેષ ઉપસ્થિત રહી યજ્ઞોપવિત ધારણ કરનાર બટુકોને શુભકામના પાઠવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ગાંધીનગર સમાચાર ના મેનેજિંગ તંત્રી કૃષ્ણકાંત જહા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું ભવ્ય આયોજન ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી નરેશભાઈ દવે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ.

ગુજરાતમાં જુનિયર ક્લાર્કની આ મહિનામાં લેવાશે પરીક્ષા, હસમુખ પટેલની થશે આકરી પરીક્ષા

ગાંધીનગર,તા.૬

તાજેતરમાં પેપર લીક થયા બાદ જુનિયર ક્લાર્કની પરીક્ષા રદ થઈ હતી. જેના બાદ હજારો વિદ્યાર્થીઓના આક્રોશ ફાટી નીકળ્યો હતો. ત્યારે હવે પંચાયત સેવા પસંદગી મંડળે જુનિયર ક્લાર્કની પરીક્ષાની નવી તારીખ જાહેર કરી છે. જુનિયર ક્લાર્કની પરીક્ષા એપ્રિલ માસમાં યોજાશે. જોકે, હજી સુધી તારીખ જાહેર કરવામાં આવી નથી. તે ટૂંક સમયમાં જાહેર કરાશે તેવુ મંડળ દ્વારા કહેવાયુ છે.ગુજરાતમાં અત્યારસુધીમાં ૧૨ પેપર ફૂટી ગયા છે. સરકાર પણ પેપર ફૂટી જવાની ઘટનાથી પરેશાન છે. પંચાયત વિભાગની પરીક્ષાઓની અંદર પેપર લીકની ઘટનાઓ બની છે, આ ઘટનાઓ બનતી રોકવા માટે હસમુખ પટેલને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં સરકારે વાયદો કર્યો છે કે ૧૦૦ દિવસમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવાવાની છે અને પરીક્ષાના પેપર લીકની ઘટનાઓ રોકવા આગામી સમયમાં કાયદો પણ બનવાનો છે. બજેટ સત્રમાં આ કાયદા અંગે કોઈ નિર્ણય લેવાય તેવી શક્યતા છે. ભાજપ સરકારે આ મામલે ૨ રાજ્યોના નિયમોનો અભ્યાસ પણ કર્યો છે. જૂનિયર ક્લાર્કની આ પરીક્ષા માટે ૯ લાખ ૫૩ હજાર ૭૨૩ ઉમેદવારોએ અરજી કરી હતી. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, તમામ પરીક્ષા કેન્દ્ર ખાતે અને તમામ વર્ગખંડોમાં ૧૦૦ ટકા સીસીટીવી કેમેરા સહિત લાઈવ રેકોર્ડીંગ કરવામાં આવશે. તેમજ પરીક્ષાના સીલબંધ મટીરીયલ્સ રાખવા માટે વિવિધ જિલ્લાઓ ખાતે ૪૨ જેટલા સ્ટ્રોંગરૂમ પણ તૈયાર કરવામાં આવ્યાં હતા.

અમદાવાદમાં ઈન્દિરા બ્રિજ નજીકથી ઝડપાયુ ૧૧૮ ગ્રામ એમડી ડ્રગ્સ, ત્રણ આરોપીની ધરપકડ

અમદાવાદ,તા.૬

અમદાવાદમાં ફરી એકવાર ડ્રગ્સ ઝડપાયુ છે. એસઓજીએ અમદાવાદના ઈન્દિરાનગર વિસ્તારમાંથી બાતમીના આધારે ૧૧૮ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ૩ આરોપીઓની ધરપકડ કરી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૧૮ ગ્રામ સ્ફ ડ્રગ્સની કિંમત ૧૧ લાખ રુપિયા જેટલી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીઓએ પાલીના સુમેરપુરના કોઇ શખ્સ પાસેથી ડ્રગ્સ મેળવ્યું હતું. હાલ એસઓજીએ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે અને નેટવર્કના મૂળ સુધી જવાના પ્રયાસો શરૂ કર્યા છે.થોડા દિવસ પહેલા જ એટલે કે ૨૬ જાન્યુઆરીએ પણ બરોડા એક્સપ્રેસ નજીક કારમાંથી ડ્રગ્સ ઝડપાયું હતુ.

લંકેશના ઘરે તસ્કરો ત્રાટક્યા, અરવિંદ ત્રિવેદીના ઘરે રામની પૂજામાં વપરાતા કિંમતી સામાનની ચોરી

હિંમતનગર,તા.૬

લંકેશથી જાણિતા સ્વર્ગસ્થ અભિનેતા અરવિંદ ત્રિવેદીના બંગલામાં તસ્કરો ત્રાટક્યા છે. સાબરકાંઠા ના ઈડરમાં આવેલા તેમના બંધ બંગલામાં તસ્કરોએ ત્રાટકીને સોના-ચાંદીના પૂજાના વાસણો, ઘરેણાં અને રોકડ રકમની ચોરી તસ્કરોએ આચરી હોવાની પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

સ્વર્ગસ્થ અભિનેતા અરવિંદ ત્રિવેદીની પુત્રી કવિતાબેને મુંબઈથી ઈડર આવીને ૪.૫૦ લાખ રુપિયાની ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઘટનાને પગલે ઈડર પોલીસે તપાસ હાથ ધરી છે. ગત ૧ ફેબ્રુઆરીથી ૪ ફેબ્રુઆરીની રાત્રી દરમિયાન આ ચોરી થઈ હોવાનુ ફરીયાદમાં નોંધવામાં આવ્યુ છે.

અરવિંદ ત્રિવેદી પોતાની હયાતીમાં રામાયણ સિરીયલના શુટીંગ બાદ નિયમીત રામની પૂજા અર્ચના કરતા હતા. આ માટે પોતાના વતન ઈડરમાં આવેલા અન્નપૂર્ણા બંગ્લોમાં ભગવાન રામની પ્રતિમા ની પ્રતિષ્ઠા કરી હતી. જેની તેઓ નિયમીત પૂજા અર્ચના કરતા હતા. રામનવમીનો ઉત્સવ તેઓ પોતાના ઘરે ધામધૂમથી કરતા હતા. એ જ રામની પ્રતિમાના ચરણ પાદુકા થી લઈ છત્ર અને અન્ય પૂજાના વાસણો તસ્કરો ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાઈ છે.

અરવિંદ ત્રિવેદી નિયમીત રીતે પોતાના ઘરે પૂજા અર્ચના કરતા હતા. રામાયણમાં રાવણનુ પાત્ર ભજવ્યુ હતુ અને તેઓએ રામના પાત્રને જેવુ શ્રેષ્ઠ છે એવુ જ લોકો સમક્ષ શ્રેણીમાં રજૂ કરવા માટે ખૂબ ગાળો આપી હતી. શુટીંગ દરમિયાન રામને ગાળો આપવાની અને ધિક્કારવાની ભૂમિકાથી તેઓ વ્યથિત રહેતા હતા. તેઓએ જેના પશ્ચાતાપ રુપે પોતાના અંતિમ શ્વાસ સુધી ભગવાન રામની તન, મન અને ધનથી ભક્તિ કરી હતી. ભગવાન રામની પ્રતિમા પોતાના ઈડર સ્થિત બંગલામાં મોરારી બાપુના હસ્તે સ્થાપના કરી હતી.

નિયમીત રુપે લંકેશ રામની ભક્તિ કરતા હતા. ભગવાન રામની પૂજા માટે તેઓએ સોના અને ચાંદીના ઘરેણા અને પૂજાના સામાનને વસાવેલો હતો. જેની તસ્કરોએ ચોરી કરી છે. સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળીને સાડા ચાર લાખ રુપિયાની ચોરી થયાનુ લંકેશના પુત્રી કવિતાબેન ઠક્કરે ઈડર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. ઈડર પોલીસે ઘટનાને લઈ તપાસ હાથ ધરી છે.

રાજકોટના જંગલેશ્વર, એકતા કોલોની સહિત ૧૦ વિસ્તારમાં ૪૪ ટીમ અને બોટાદમાં ૨૬ ટીમ વીજચોરી પકડવા ઉતરી

રાજકોટ,તા.૬

આજે ફરી સૌરાષ્ટ્રમાં વહેલી સવારથી પીજીવીસીએલની કોર્પોરેટ ટીમ દ્વારા રાજકોટ શહેર અને બોટાદ ડિવિઝન વિસ્તારોમાં ૭૦ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં રાજકોટ શહેરની અંદર ગત મહિનાની જેમ આજે કોઠારિયા સબ ડિવિઝન હેઠળ આવતા જંગલેશ્વર, એકતા કોલોની, મહેશ્વરી સોસાયટી અને ગાંધી સોસાયટી સહિત ૧૦ જેટલા વિસ્તારમાં ૪૪ ટીમ અને બોટાદમાં ૨૬ ટીમ વીજચોરી પકડવા ઉતરી છે.

આજે વહેલી સવારથી રાજકોટ શહેર અંતર્ગત કોઠારિયા ડિવિઝન હેઠળ આવતા વિસ્તારમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આજે વહેલી સવારથી અલગ અલગ ૪૪ ટીમ દ્વારા કોઠારિયા સબ ડિવિઝન હેઠળના એકતા કોલોની શેરી નંબર ૧થી ૧૦, ભવનાથ સોસાયટી, જંગલેશ્વર વિસ્તાર શેરી નંબર ૧થી ૧૦ અને આરએમસી આવાસ સહિત વિસ્તારને આવરી લઈ વીજચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૧ ઝ્ર ફના ૨ ફીડર આવરી લેવામાં આવ્યા છે. આ વીજ ચેકિંગમાં સ્થાનિક પોલીસ, જીઈ જવાન તેમજ ૪ વીડિયોગ્રાફરને સાથે રાખવામાં આવ્યા છે.

રાજકોટ શહેરની સાથે સાથે આજે બોટાદ ડિવિઝન હેઠળ વિસ્તારોમાં વહેલી સવારથી વીજ ચેકિંગની દરોડા કામગીરી શરૂ કરવામાં આવી છે. બોટાદ સર્કલ અંતર્ગત ગઢડા રૂરલ ૧ અને ૨ સબ ડિવિઝન હેઠળ વિસ્તારમાં કુલ ૨૬ ટીમ દ્વારા વીજચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે. જેમાં જીઈની ટીમ અને ૩ વીડિયોગ્રાફરને સાથે રાખવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્રમાં ગત જાન્યુઆરી માસ દરમિયાન પીજીવીસીએલ દ્વારા ૭૦૦૦થી વધુ વીજ કનેક્શન ચેક કરી ૧૦૦૦ જેટલા કનેક્શનમાંથી ૨ કરોડથી વધુની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. આજે પણ સાંજ સુધી ચાલનાર આ દરોડામાં લાખોની વીજચોરી ઝડપાઇ તેવી શક્યતા સેવાઇ રહી છે.રાજારામ શેરી-૪માં રહેતા અને પીજીવીસીએલમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા ડી.જી. વ્યાસે હરેશ ભીખા ઠુંમર નામના શખ્સ સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં ડી.જી વ્યાસે જણાવ્યું છે કે, તેમના વિસ્તારના ગ્રાહકોએ વીજબિલની રકમ ભરી ન હોય તેવા લોકોના વીજજોડાણ કાપવા તેમજ મીટર સર્વિસ ઉતારવાની કામગીરી તેમને કરવાની હોય છે. જેથી શનિવારે બપોરે ચાર વાગ્યે સરકારી વાહન સાથે શ્રીરામ સોસાયટી-૬માં રહેતા હરેશ ઠુંમરના ઘરે પહોંચ્યા હતા.જોકે, તે સમયે તે વ્યક્તિ હાજર ન હતા. તેના માતા ત્યાં હાજર હોય તેમની બિલ ભરપાઇ ન કરવાને કારણે તેઓ મીટર ઉતારવા આવ્યા હોવાનું જણાવ્યું હતું. જે વાત કર્યા બાદ મીટર ઉતારી અન્ય સ્થળે મીટર ઉતારવાની કામગીરી કરવા નીકળી ગયા હતા. ત્યારે ગ્રીનલેન્ડ ચોકડીથી માર્કેટિંગ યાર્ડ તરફ જતા યાર્ડના પહેલા ગેટ પાસે પહોંચતા એક શખ્સે તેનું બાઇક અમારા સરકારી વાહન આડે નાખ્યું હતું. જેથી પોતે વાહનમાંથી નીચે ઉતરી હું હરેશ ઠુંમર, તમે મારા ઘરનું મીટર કેમ ઉતારી લીધું છે. તેમ કહી ગાળો ભાંડી હતી. જેથી તેને સમજાવવાનો પ્રયાસ કરવા છતાં તે નહીં માનતા વધુ ઉશ્કેરાય જઇ પોતાને માર મારવા હાથ ઉગામ્યો હતો.

પરંતુ પોતે ખસી જતા તેના હાથમાં રહેલો પથ્થરનો ઘા કરી પગમાં ઇજા પહોંચાડી હતી અને તે શખ્સ તેનું બાઇક લઇ ત્યાંથી નાસી ગયો હતો. પગમાં ઇજા થયા બાદ લંગડાતા પગે કચેરીએ જઇ અધિકારીને બનાવની જાણ કર્યા બાદ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ગાવોઃ વિશ્વસ્વ માતરઃ

સર્વશ્રેષ્ઠ દૂધ એટલે દેશી ગાયનું દૂધ

જો ગાય બચશે તો જ આપણે બચીશું

સનાતન હિન્દુ ધર્મનાં અનેક સંપ્રદાયોનો પ્રાણી માત્રની રક્ષા અને કલ્યાણનો ગૌરવશાળી વારસો ભારતમાં જોવા મળે છે. પ્રાણી માત્ર પરમેશ્વરની પ્રતિકૃતિ છે. તેમાંય ગૌમાતા સૌથી વધુ પૂજનીય આત્મા છે. ગાય વિશ્વમાતા છે. સર્વ સુખ પ્રદાયીની છે. ગૌ રક્ષા એ આપણો રાષ્ટ્ર ધર્મ છે. ગૌ સેવા આપણા જીવનમાં વણાયેલી છે. ગૌ સંસ્કૃતિ આપણા રાષ્ટ્રની આધારશીલા છે એટલે જ તો, ભારતવર્ષ ગૌ, ગંગા, ગીતા, ગાયત્રી અને ગોવિંદની સંસ્કૃતિનાં દેશ તરીકે પ્રખ્યાત છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે. કહેવાતું હતું કે આપણા દેશમાં ગાયના દુધની નદીઓ વહેતી હતી. ગાયનું દુધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ દેશી ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે, પણ કહેવાતા આધુનિકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે, કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. દેશી ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે. દેશી ગાયનું દૂધ ભેંસનાં દૂધ કરતા વધારે સુપાચ્ય હોય છે. દેશી ગાયનું દૂધ એ કફ, પિત્ત અને વાયુનો સમનવ્ય કરે છે જ્યારે ભેંસનું દૂધ કફમાં વધારો કરે છે. દેશી ગાયનું દૂધ પીવાથી કુશાગ્ર બુદ્ધિ વિકસે છે જેથી યાદશક્તિ વધે છે જ્યારે ભેંસનું દૂધ બુદ્ધિને મંદ બનાવે છે અને વધારે ઊંઘ લાવવા માટે જવાબદાર બને છે. દેશી ગાયનાં દૂધમાં તમામ પ્રકારનાં વિટામિન્સ હોય છે ખાસ કરીને વિટામીન-ઈ વધારે માત્રામાં હોય છે જે દ્રષ્ટિને સાફ કરે છે અને હૃદયને સ્વસ્થ બનાવે છે. ભેંસનાં દુધમાં કોલેસ્ટ્રોલ હોય છે જે રક્ત વાહિનીઓમાં અવરોધ ઉત્પન્ન કરે છે, જેમાં હૃદયાઘાતની સંભાવના રહેલી છે. દેશી ગાયનાં દુધમાં સુર્વણ ક્ષાર હોય છે જેની વૈજ્ઞાનિકોએ પણ સાબિતી આપી છે. આ સુર્વણ ક્ષાર સત્વગુણ ધરાવે છે. ગાય પોતાના બાળકો પ્રત્યેનો પ્રેમ અને વાત્સલ્ય જોઈને દૂધ આપે છે જ્યારે ભેંસ ખોરાક જોઈને દૂધ આપે છે. આ તમામ કારણોસર દેશી ગાયનું દૂધ એ ભેંસનાં દુધથી ચડીયાતું છે.

ગાવોઃ વિશ્વસ્વ માતરઃ

સર્વશ્રેષ્ઠ દૂધ એટલે દેશી ગાયનું દૂધ

- મિતલ ખેતાણી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4